# વિશ્વવિહાર


વર્ષ : 26 * અંક : 2 * નવેમ્બર 2023 * કિં. ₹ 15



વિશ્વકોશમાં આયોજિત હરિકેત પાઠક ચિત્રકલા–સ્પર્ધામાં
વિજેતા વિદ્યાર્થીઓ




શ્રી રૂપલ મહેતાને
શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા
ગૌરવ ઍવૉર્ડ અર્પણ સમારોહ
પ્રસંગે 'માતૃભાષા ગુજરાતીના
મહિમા' વિશે વક્તવ્ય આપતા
શ્રી તુષાર શુક્લ અને
શ્રી જગદીશ ત્રિવેદી



શ્રી તુષાર શુક્લ



શ્રી જગદીશ ત્રિવેદી



'ફિલ્મસર્જનની પ્રક્રિયા : શિક્ષણ-પ્રશિક્ષણ અને
મારો બુનિયાદી અભિગમ' વિશે શ્રી અમૃત ગંગર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# શેલ વી ગો, બાપુ ?

સેવાગ્રામમાં ગાંધીજીની ઝૂંપડી વચ્ચેથી શૉર્ટકટ લઈને પોતાની ઓરડીમાં જવા નીકળેલી વિદેશી મહિલાપત્રકારને ગાંધીજી નિદ્રાધીન હોય તેમ લાગતાં એમને ખલેલ ન પહોંચે એવા આશયથી એ પંજા પર દબાયેલા પગે ચાલવા માંડે છે. જાગતા ગાંધી પત્રકાર મહિલાને આ રીતે ચાલવાનું કારણ પૂછે છે. મહિલા કારણ કહે છે ત્યારે ગાંધી રમૂજમાં કહે છે : 'આ તો જાણે ઠીક છે પણ Never tiptoe to my Memory !'

ગાંધી સાચા છે. ગાંધીને ગુપચુપ રીતે યાદ કરવા સંભવ નથી. જેઓ ગાંધીનાં મૂલ્યો (જેને હું શાશ્વત મૂલ્યો માનું છું) સાથે અસંમત છે એમના માટે ગાંધી અનકમ્ફર્ટેબલ છે - તકલીફ આપનારો છે અને જેઓ ગાંધીમૂલ્યો સાથે સંમત છે એમના માટે ગાંધી ખલેલ પહોંચાડનાર છે અને આવી ખલેલ જ મને આ સમયે મણિપુર લઈ ગઈ.

છેલ્લા પાંચ મહિનાથી હું મણિપુરને ઠીકઠીક નજીકથી નિહાળી રહ્યો હતો અને દાઝેલા મણિપુરની ગંધ મારા નાકમાં ભરાયે જતી હતી ! અને છેલ્લે બે કૂકી બહેનો અને પછી બે મૈતેઇ કિશોર-કિશોરીઓના આર્તનાદે મને વલોવી નાખ્યો અને હું મણિપુર ચાલી નીકળ્યો.

મારી આ ટૂંકી યાત્રા દરમિયાન હું ત્રણ મૈતેઇ રાહત શિબિરો અને પાંચ કૂકી રાહત શિબિરોમાં ગયો. ત્યાંનાં ભાઈઓ-બહેનો, યુવક-યુવતીઓ અને બાળકો સાથે વાતો થઈ. શિબિરોમાં એમને મળતું ભોજન - રહેવાની વ્યવસ્થાઓ - ત્યાંનું વાતાવરણ અને ત્યાંનું ભાવાવરણ અનુભવવાનો પ્રયત્ન કર્યો. જુદા જુદા સમૂહના કેટલાક મહત્ત્વના લોકોને મળવાનું બન્યું. મણિપુરના રાજ્યપાલને પણ બે વખત મળ્યો. ભીના હૃદયે મણિપુર પહોંચ્યો હતો અને ભારે હૃદયે પાછો આવ્યો.

આજે સમગ્ર દેશમાં પ્રશ્નના પક્ષે ઊભા રહેનારાઓ ભારે બહુમતીમાં છે ને ઉત્તરના પક્ષે ઊભા રહેલાઓ અલ્પસ્વરૂપા લઘુમતીમાં છે, ત્યારે ઉત્તરના પક્ષે ઊભા રહેલાઓ માટે એક ઊંડી શ્રદ્ધા સાથે આ થોડુંક લખી રહ્યો છું.

**નામરૂપ જૂજવાં અંતે તો જેલની...**

મણિપુરની અંદાજિત પાંત્રીસ લાખની વસ્તીમાંથી લગભગ ૬૦,૦૦૦ લોકો મે મહિનાની શરૂઆતથી રાહત છાવણીઓમાં રહ્યા છે. આમાંની એક ૮૦૦ લોકોની છાવણીમાં હું ગયો. આ છાવણી ઈમ્ફાલની જેલની બાજુમાં આવેલી હતી. સાંજ હજી પડી નહોતી, પણ ઉદાસી ઘૂંટાયેલી સાંજ જેવી જ હતી. જેલની જમીન પર છાવણીનાં ૪૦-૫૦ ભાઈ-બહેન શાકભાજી વાવી રહ્યાં હતાં. વાવવા માટેના બટાકાના બિયારણના નાનાશા ઢગલા આગળ હું જાઉં છું અને જોઉં છું કે આમાંના ઘણાબધા બટાકા ખાવાલાયક જ નહોતા જેને તેઓ વાવવા જઈ રહ્યાં હતાં ! હું એમને પૂછું

છું કે આ ક્યારે ઊગશે ? ભાષાની દીવાલ હોવાને કારણે તેઓ કહે છે કે : દસેક દિવસમાં. હું ફરી પૂછું છું કે ખાવાલાયક ક્યારે થશે ? જવાબ મળે છે, અઢી-ત્રણ મહિના પછી. હું ખૂબ જ સ્વાભાવિક રીતે એમને પ્રશ્ન કરું છું કે શું તમને એવું છે કે હજી બીજા ત્રણેક મહિના તમારે અહીં રહેવું પડશે ? ક્ષણભરનો વિલંબ કર્યા વિના એક જણ બોલે છે : આવતા વર્ષે પણ વાવવા પડશે…

અનેક ભાવચિત્રો સાથે લઈને હું બીજી છાવણીમાં જાઉં છું જ્યાં લગભગ ૧૯૦ જેટલા લોકો છે. ત્યાં એક નાના છોકરાને હું મળું છું. એનું નામ છે 'મેસ્સી'. નૅશનલ ગેમ્સ ચાલતી હતી ત્યારે એનો જન્મ થયેલો અને માતા-પિતા એનામાં એક ફૂટબૉલ પ્લેયર થવાનું સ્વપ્ન જોતાં હતાં એથી નામ રાખેલું મેસ્સી. આ મેસ્સી સાથેની વાતોમાં એને પૂછું છું : ઘરે જવું છે ? પ્રત્યુત્તર મળે છે : હા. ક્યારે જવું છે ? (कब जाना है ?) પ્રત્યુત્તર મળે છે : आझ (આજ). આ સાઠ હજાર લોકોને ઘરે આજે જવું છે અને ક્યારે જવાશે એ એમના હાથમાં નથી અને દૂર દૂર સુધી કોઈ આશા પણ નથી. આને પણ જેલ જ કહેવાય ને ! (આમાંના ઘણા બધા લોકો એવા છે કે જેમનાં ઘરબાર વગેરે લૂંટી લેવામાં આવ્યાં છે અથવા તો સળગાવી દીધાં છે.) જ્યારે રાજ્ય રાજ્યવિહીન અવસ્થામાં હોય ત્યારે પ્રજાજનો સ્વાભાવિક રીતે જ આશાવિહીન સ્થિતિમાં હોય છે. આનું નામ જ લોકશાહીની પીડા.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| શેલ વી ગો, બાપુ ? | ૩ | તુલા-સંજય |
| સુખપ્રાપ્તિની સફર : 'સુખોપનિષદ' | ૭ | કુમારપાળ દેસાઈ |
| નરગિસ મોહમ્મદી - પ્રગતિ અને અગતિ | ૧૦ | રક્ષા મ. વ્યાસ |
| ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન ઍક્ટ-૨૦૨૩ | ૧૪ | પ્રવીણ ક. લહેરી |
| ફોટાઓની કરમકહાણી… | ૧૭ | રતિલાલ બોરીસાગર |
| માતૃભાષા ગૌરવ ઍવૉર્ડ અર્પણવિધિ | ૨૦ | — |
| સૌથી વધુ ઝડપે ફેલાતાં પ્રકાશ-પ્રદૂષણનાં ભયસ્થાનો | ૨૨ | ચિંતન ભટ્ટ |
| સાઈબર ફ્રૉડનો હાહાકાર સાવધાની જ છે સલામતી | ૨૫ | હર્ષ મેસવાણિયા |
| ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ | ૨૮ | પ્રીતિ શાહ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૩૦ | ભદ્રાયુ વછરાજાની |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | — |

**જન્મનો આદર, તો પછી મૃત્યુનો આદર કેમ નહીં ?!**

હું એક વિશિષ્ટ પ્રકારના કૅમ્પમાં જાઉં છું, બે કારણે - એક તો એ મણિપુર BJPના પ્રેસિડેન્ટ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે અને બીજું એ પ્રસૂતા બહેનો અને નાનાં બાળકોને દૂધ પિવડાવતી માતાઓ માટેનો છે. અહીં પ્રમાણમાં, હા પ્રમાણમાં સારી સગવડો છે. સેન્સ ઑફ સિક્યૉરિટીનું ભાવાવરણ અનુભવાય છે. ગાયનેકોલૉજિસ્ટ અને પીડિયાટ્રિશિયન નિયમિત રીતે આવે છે. ખાવા-પીવાનું બીજા કૅમ્પ કરતાં ઘણું ઘણું સારું છે. હું પણ અહીં ચા પીવું છું ને ચા પીતાં પીતાં મણિપુર BJPના વાઇસ પ્રેસિડેન્ટ સાથે વાતો કરું છું. (મારી સાથે આવેલા મારા એક સાથી એમનો પરિચય આપતાં કહે છે, એક જમાનામાં એ સ્ટુડન્ટ લીડર હતા ઔર અચ્છા થા) આ કૅમ્પની વધારે અને બીજી થોડીક વાતો પછી એ મને એમની સાથે રૂમોમાં (પરમિશન લઈને) લઈ જાય છે. આ દિવસોમાં અહીં ૮૮ બાળકોએ જન્મ લીધો છે. બ્રાહ્મણ બોલાવીને સૌનાં નામકરણ પણ થયાં છે. એમના થકી એ પણ જાણવા મળે છે કે ભૂપેન હજારિકા ફાઉન્ડેશનની મધ્યસ્થીમાં કૂકી-મૈતેઇ સંવાદ માટેની પહેલની સંભાવના બની રહી છે.

છેલ્લે નીકળતી વખતે મારી પાસે એક મુલાકાતપોથી મૂકવામાં આવી છે, જેમાં મેં લખ્યું : We should love one another or die. અને અમે સ્મિત સાથે છૂટા પડ્યા.

**મોસ્ટ ડિસઓબીડિયન્ટ વન**

કાન્ગપોક્કી કસ્બાના રસ્તા ઉપર અમારી રાહ જોઈને ઊભેલા રેવ. ફાધર પ્રીમ વાઇફાઇએ પોતાનો પરિચય 'મોસ્ટ ડિસઓબીડિયન્ટ વન' તરીકે આપ્યો. એનું કારણ જણાવતાં કહે છે, ઇમ્ફાલ છોડનારા સૌથી છેલ્લા કૂકી એ પોતે હતા. આમ તો પ્રીમ ઑલ મણિપુર ક્રિશ્ચિયન ઍસોસિયેશનના પૂર્વપ્રમુખ છે. મોટી ઉંમરના છે. અત્યંત નમ્ર છે ને ભારે મક્કમ છે. એથી જ તેઓ ૧૬ જૂનના દિવસે પોલીસના કહેવા છતાં ઇમ્ફાલમાં જ રહે છે ને પોલીસને કહે છે કે મોટાભાગના મૈતેઇ સારા છે, થોડાક જ ખરાબ છે; હું એમને લઈને શું કામ મારું નગર છોડું ? જરૂર પડે મને રક્ષણ આપજો. ૮ જુલાઈએ ફરીથી પોલીસ આવે છે, પણ તે લાંબી ચર્ચા કરી નમ્રતાપૂર્વક નહિ જવા મક્કમ રહે છે. એમની ઉપર મૈતેઇઓની ધમકી આવે છે, તેઓ તંત્રને જાણ કરે છે. એક અને બે સપ્ટેમ્બરની અડધી રાત્રે તંત્ર આવે છે ને ઘરની બહારથી જ ઉપાડી રાત્રિના અંધારામાં ક્યાંક છોડી દે છે. મને કહે છે કે મારી ઘડિયાળ અને બાઇબલ પણ સાથે લેવા દીધું નહીં. માળી જ કઠિયારો બની ગયો !

વાતો પતે એ પહેલાં અમે એક રાહત છાવણીમાં પહોંચીએ છીએ. પ્રત્યેક રાહત છાવણી જાણે એની પોતીકી પીડા લઈને જીવી રહી છે. અહીંયાં લગભગ ૧૮૦ જેટલા લોકો રહે છે ને આખા કૅમ્પમાં એક બાથરૂમ અને બે સંડાસ છે. એક બહેન બોલ્યાં કે સુબહ સે હી નોટબંધી જૈસી લાઇને લગને લગતી હૈ યહાં !

આ છાવણીમાં નાનીશી બેસવાની જગ્યાઓમાં ગોઠવાયેલી આઠ-દસ ખુરશી પર અમને બેસાડવામાં આવે છે ને મારી નજર છે સામેની ભીંત પર જ્યાં રાષ્ટ્રધ્વજ અને ગાંધીજીનું બૅનર લગાવવામાં આવ્યું છે. વાત કરતાં જાણવા મળ્યું કે બીજી ઑક્ટોબરે

અહીં ગાંધીજયંતી ઉજવાયેલી, જેમાં બાળકોએ ચિત્રો દોરેલાં. આ ચિત્રોમાં ગાંધી હતા અને ઈસુ પણ હતા. ચિત્રો જોતાં મને એક ક્ષણ ભાસ્યું કે ઈસુ અને બાપુ પાસપાસે બેઠા છે ને 'તમારા પાડોશીને તમારી જાત જેટલો પ્રેમ કરો' વિધાનમાં પાડોશી કોણ-નો અર્થ સાથે મળીને વિસ્તારી રહ્યા છે : જે દુઃખી છે - જે તકલીફમાં છે તે તમારો-મારો-આપણો પાડોશી છે.

**હિંસાની ધરતી પર બદલાનો અને ગુનાખોરીનો ઉગારો**

છેલ્લા પાંચ મહિનાથી ચાલતી હિંસાને લઈને મણિપુરની બે જાતિઓનું જાતિમાનસ અને અલગાવ આપણને ધ્રુજાવી દે એવાં છે ! ઘણાબધા દેશોની આંતરરાષ્ટ્રીય સરહદો પણ porous હોય છે ! જ્યારે અહીંયાં તો એક જ રાજ્યના બે જાતિના પ્રદેશો વચ્ચેની અદૃશ્ય સરહદ એટલી ઊંચી અને ઊંડી છે કે એક નેપાળી ગુરખા યુવાન મને કહે છે કે : સર, એક જાતિના વિસ્તારમાં બીજી જાતિની બોલી બોલવા પર પણ પ્રતિબંધ છે. રસ્તાઓ પર નાકાબંધી છે. અપવાદરૂપ વાહનોની અવરજવર પર વાહનદીઠ ૧૦,૦૦૦થી ૩૦,૦૦૦ રૂપિયા વસૂલવામાં આવે છે. છડેચોક સેંકડોની સંખ્યામાં બંકરો છે જ્યાં બંદૂકો લઈને યુવાનો બેઠા છે. હથિયારોની ખરીદી માટે લોકો દાન આપી રહ્યા છે ઉદારદિલે ! એક નિવૃત્ત આર્મી જવાન મને કહે છે કે હું અને મારા જેવા બીજા ઘણાબધા અલગ અલગ ગામોમાં આ બંદૂકો વગેરેની મરામત કરવાની ફરજ બજાવીએ છીએ અને મેં પણ ગોળીઓ(Bullets) ખરીદવા ૨૫,૦૦૦ રૂપિયાનો સહયોગ કરેલ ! એક નેપાળી ગુરખા ગામના આગેવાન મને કહે છે કે અમારી સ્થિતિ કાયમને માટે દાંત વચ્ચેની જીભ જેવી જ છે, પણ આ વખતે તો ? અમારા ગામમાંથી ૧૪ લાખ રૂપિયા અમારે પહોંચાડવા પડ્યા છે !


અહીંયાં હું અટકું છું, કારણ કે બાત નિકલેગી તો ફિર દૂર તક જાયેગી, આપ સૌને હાથ જોડીને હું એટલું જ કહું છું કે આપણે સૌએ સાથે મળીને પાંચ મહિનાથી રાહત છાવણીઓમાં રહેતા આ ૬૦,૦૦૦ લોકોનાં આંસુ લૂછવાં જ રહ્યાં ! ઈસુ અને બાપુએ સાથે મળીને વિસ્તારેલા 'પડોશી કોણ ?'ના અર્થની આંગળી પકડીને બાપુ સાથે સંવાદ કરતા આર. પ્રસાદ તેમના કાર્ટૂનમાં કહે છે : 'It takes about 132 hours on feet to reach Imphal from Noakhali. Shall we go, Bapu ?'

આપણે એકાદ મહિના માટે આ ૬૦,૦૦૦માંથી થોડાંક આંસુ લૂછવા જવાનો સંકલ્પ કર્યો છે. જેમાં મુખ્યત્વે આપણે બે કામ કરવા જઈ રહ્યા છીએ : (૧) આરોગ્યનું કામ અને (૨) બાળકો સાથે સર્જનાત્મક અને રચનાત્મક આદાનપ્રદાન.

આ પહેલને આપણે Shall we go, Baup ? કહીશું, જેની મુખ્ય જવાબદારી વિશ્વગ્રામ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી અને સ્વપથ ટ્રસ્ટે સ્વીકારી છે. બહુ બધા કલ્યાણમિત્રો આ સંકલ્પ સાથે સંકળાય અને સહયોગ કરે એવી પ્રાર્થના.

**સંપર્ક : તુલા-સંજય**
**વિશ્વગ્રામ, મો. ૯૪૨૬૩૮૮૨૩૪**
(vishwagrambasnagmail.com)

# સુખપ્રાપ્તિની સફર : 'સુખોપનિષદ'




'સુખની ઝંખના કોને નથી ? માણસ જન્મે છે ત્યારથી મૃત્યુની સોડમાં સૂઈ જાય, ત્યાં સુધી માણસ સુખ જ શોધતો ફરે છે અને સઘળે શાંતિની તલાશ કરતો ફરે છે. માણસ પોતાનું સુખ શરીરના સ્વાસ્થ્યમાં, ટાપટીપમાં, ખાવા-પીવામાં, હરવાફરવામાં, મોજશોખમાં અને ક્લબોમાં શોધે છે. થોડો વધુ વિકસિત માનવી સફળતાઓ, સંપત્તિ, ડિગ્રી, અભિવાદનો, માન-સન્માન ને મેડલો (ચંદ્રકો) મેળવવા શોધતો ફરે છે. આ બધી અસ્થાયી વસ્તુ માટે પાગલની જેમ તનતોડ મહેનત કરે છે, કાવાદાવા કરે છે, સંબંધોય બગાડે છે; પણ એને જે જોઈએ, તે સુખ તો મળતું જ નથી; પણ ત્યારે એ મંદિર, ગિરજાઘર કે મસ્જિદ તરફ વળે છે. સાધુ-બાવા-ફકીરના શરણમાં જાય છે, ત્યાં પણ સાચા સંત ન મળે તો મહદંશે ધોખો ખાય છે, ક્યાં તો સાચા રસ્તે પહોંચતો નથી, પણ કોઈક વિરલાઓ કે કોઈ નસીબદાર લોકોને છેવટે સદ્‌બુદ્ધિ મળે છે કે અંતરમાંથી અવાજ ઊઠે છે કે કોઈ સાચો સંત તેને યોગ્ય રસ્તે વાળે છે અને એ રસ્તો છે અંતર્યાત્રા. બહાર બહુ ભમ્યો, હવે તું તારી અંદર ઊતર - અંતરાળમાં જા. જો તને શું દેખાય છે ?'

આ જીવનપ્રેરક અને માર્ગદર્શક શબ્દો છે ડૉ. સુધીર શાહના. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગૂર્જર પ્રકાશન દ્વારા આ વિરલ પ્રતિભાએ સર્જેલા વિશિષ્ટ ગ્રંથનું વિમોચન રાખવામાં આવ્યું. આ ગ્રંથ વિશિષ્ટ એ માટે છે કે આજનો માનવી સાચા સુખની ખોજમાં નીકળ્યો છે. એ સાચું સુખ કઈ રીતે પ્રાપ્ત થાય તે માટે ન્યુરોસાયન્સ, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, તબીબી વિજ્ઞાન, અધ્યાત્મવિદ્યા, વિભિન્ન કલાઓ, વિશિષ્ટ સાધનાપદ્ધતિ અને છેક ધ્યાન જેવી બાબતોમાંથી કઈ રીતે સુખપ્રાપ્તિ થાય એની ડૉ. સુધીર શાહે વિગતે છણાવટ કરી છે.

સંતો, વિચારકો, વિદ્વાનો, ધર્મદ્રષ્ટાઓ સહુએ પોતાના ક્ષેત્રની મર્યાદામાં રહીને સુખની ખોજ કરી છે. જ્યારે અહીં ડૉ. સુધીર શાહે એ બધાં શાસ્ત્ર અને વિજ્ઞાનનો સમન્વય કરીને અને ભિન્ન ભિન્ન વિદ્યાઓને લક્ષમાં રાખીને સાચા સુખની શોધ કરી છે.



ડૉ. સુધીર શાહ

આપણે વિચારીએ કે આપણી આંખોમાં આખુંય આકાશ ભરી શકાય ખરું ? જો ઉત્તર દિશામાં ઊભા હોઈએ તો ઉત્તર દિશાનું આકાશ જોઈ શકાય અને પૂર્વ દિશામાં ઊભા હોઈએ તો પૂર્વ દિશાનું આકાશ જોઈ શકાય. આમ આપણી આંખો આકાશનો એક ભાગ જોતી હોય છે, સમગ્ર આકાશને નહીં. પણ એવી સમગ્ર આકાશને ભરી દેતી વિરલ અને વિશિષ્ટ આંખને જોવી હોય તો તે માટે 'સુખોપનિષદ' જોવું પડે.

કારણ એટલું જ કે કોઈ પણ વ્યક્તિ ભાવના, લાગણી, સમસ્યા કે વર્તમાન પરિસ્થિતિનું આકલન કરે, ત્યારે એની દૃષ્ટિમર્યાદા એના ક્ષેત્ર સુધી સીમિત હોય છે. વ્યક્તિ એક ક્ષેત્રમાં પારંગત બની શકે, જ્યારે અહીં તો અનેકવિધ ક્ષેત્રોની પારંગતતાનો આ પુસ્તકમાં અનુભવ થાય છે. સુખની આજ સુધી સહુએ પોતપોતાના અનુભવો, વિચારધારા, અભ્યાસ અને એક વિષયની નિપુણતાને આધારે ચર્ચા-વિચારણા કરી છે. એટલે એક વૈજ્ઞાનિક માત્ર વિજ્ઞાનની દૃષ્ટિએ જુએ, તો એક તત્ત્વચિંતક એનો તત્ત્વદૃષ્ટિએ વિચાર કરે. આને પરિણામે કોઈ પણ વિષયનું સર્વગ્રાહી અને સર્વાશ્લેષી ચિંતન આપણને સાંપડતું નથી. જ્યારે આ 'સુખોપનિષદ'માં એ સુખના આકાશને આંખમાં ભરીને એમાં મેઘધનુષના ભાતીગળ રંગો જોવા મળે છે. ક્યાંક મેડિકલ ક્ષેત્રને સહારે સુખની સમીક્ષા કરવામાં આવી છે, તો વળી ક્યાંક અર્થજગતની દૃષ્ટિએ સુખને નાણવામાં આવ્યું છે; ક્યાંક નીતિમાર્ગમાં સુખપ્રાપ્તિના દર્શાવેલા માર્ગો વિશે ચિંતન કરવામાં આવ્યું છે, તો ક્યાંક વાસ્તવિક વ્યવહારજીવનમાં ઊભા થતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે.

મારે કહેવું જોઈએ કે સુખ વિશે આવું અનેકવિધ વિષયોને તેમજ ક્ષેત્રોને આવરીને સુખનું નવનીત તારવી આપતું આવું પુસ્તક ગુજરાતી ભાષામાં વિરલ છે.

'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા'માં પંડિત જવાહરલાલ નહેરુએ ઉપનિષદને માટે ચાર બાબતો નોંધી છે : સંશોધન, માનસિક સાહસ, સત્યની ખોજ અને સાથોસાથ એમ પણ કહ્યું કે એ સઘળું ઉત્સાહની ભાવનાથી ભરપૂર હોવું જોઈએ. એ દૃષ્ટિએ સંશોધનની વાત આવે, ત્યારે આ લેખક ન્યુરોસાયન્સ અને સુખની અનુભૂતિની વાત કરે છે. ન્યુરોટ્રાન્સમીટરની વાત કરે છે અને સુખ વિશેનાં અદ્યતન પરિવર્તનોની ઓળખ આપે છે. તો માનસિક સાહસ એમને ક્યાં ક્યાં લઈ જાય છે ! વાસ્તવિક જીવનથી માંડીને ધર્મગ્રંથો અને જાપાનની ઈકિગાઈની વિચારધારા સુધી વાચકને દોરી જાય છે. તો બીજી

બાજુ સ્વાસ્થ્ય, સંબંધો, સદ્‌ગુણો જેવી જીવનલક્ષી મૂળભૂત બાબતોનો સુખના સંદર્ભમાં મહિમા બતાવે છે.

આજે જ્યારે જગત આખું માને છે કે સંપત્તિમાં સુખ સમાયેલું છે, ત્યારે સુધીરભાઈ શાહે અહીંયાં એવો સવાલ પણ કર્યો છે કે સંપત્તિ વધે એટલે સુખ વધે છે ખરું ? જિંદગીમાં કેટલીક વ્યક્તિઓ બે જ રસ્તા જોતી હોય છે. ક્યાં તો સફળતા અથવા તો પરમ શાંતિનું સુખ અને એ પરમ સુખ ક્યાં છુપાયેલું છે ? ત્યારે સત્યની શોધ કરતા સુધીરભાઈ છેક દ્વૈતભાવ, કષાય જેવાં સુખવિરોધી તત્ત્વોથી માંડીને આધ્યાત્મિક સાધના અને ધ્યાનસાધના બતાવે છે.

'સુખોપનિષદ' પુસ્તક પ્રકાશિત થાય છે, ત્યારે વિશ્વકોશને સવિશેષ આનંદ એ છે કે ડૉ. સુધીર શાહે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વ્યાખ્યાનશ્રેણીમાં 'સુખનું સરનામું' એ વિશે વ્યાખ્યાન આપ્યું હતું અને ત્યારથી હું સતત એમની પાસે ઉઘરાણી કરતો રહ્યો કે આ વિશેનું પુસ્તક આપો અને તે પુસ્તક પ્રકાશિત થયું. નાના બીજમાંથી વટવૃક્ષનું સર્જન થયું. અહીં સુખ વિશે કોઈ ખંડદર્શન નહીં, પણ અખંડદર્શન છે. વિચારોનું અનેકાંતિક આકાશ છે અને પ્રત્યેક ક્ષેત્ર વિશેનું દરેક પ્રકરણ એ સુખની ખોજનો સત્યનિષ્ઠ પ્રયાસ છે અને આમાં ઉત્સાહ અને જીવનદર્શન તો ખરું જ.

આ પુસ્તકના સર્જક ડૉ. સુધીર શાહના દાદા શાંતિલાલ સાઠંબાકર જૈન ધર્મના ઊંડા અભ્યાસી હતા અને એ જૈન સંસ્કારોનો વારસો સુધીરભાઈને મળ્યો છે અને એમના પિતા ડૉ. વાડીલાલભાઈ શાહ પાસેથી મેડિસિન, સંગીત અને સાહિત્યના સંસ્કારો મળ્યા છે. ભરૂચમાં નિવાસ કરનારા ડૉ. વાડીલાલભાઈએ પોતાના વ્યવસાયને જનસેવા તરીકે સ્વીકાર્યો હતો. આથી કેટલાય દર્દીઓને જોયા પછી એ ઘેર આવે, ત્યારે એમના ખિસ્સામાં કોઈ રકમ હોય નહીં. એમ કહેવાતું કે ભરૂચમાં કોઈ પણ રિક્ષાવાળાને એમ કહીએ કે ડૉ. વાડીલાલભાઈ શાહના દવાખાને જવું છે તો એ રિક્ષાવાળા દર્દીનું ભાડું લેતા નહીં. ડૉ. સુધીર શાહનું પાંચ હજારથી વધુ કોઈ પણ ધર્મનાં સાધુ-સાધ્વીઓની સેવાથી મહેકતું જીવન આપણને સાચા સુખની ખોજ તરફ લઈ જાય છે. માનસિક ચેતનાનો એમનો અભ્યાસ વિજ્ઞાન અને અધ્યાત્મનું એક વિશિષ્ટ સાયુજ્ય આપી જાય છે. એમનાં પત્ની શ્રી ચેતનાબહેન શાહ અને પુત્રી ચૈતસી અને હેલીનો એમના વ્યાપક કાર્યમાં સદા હૂંફાળો સહયોગ સાંપડ્યો છે.

પ્રકૃતિને કોઈ કાર્ય સંપન્ન કરાવવું હોય, ત્યારે એ કાર્ય સિદ્ધ કરવા માટે વિશિષ્ટ વ્યક્તિત્વનું નિર્માણ કરે છે. સુધીરભાઈ એક એવું નોખું વ્યક્તિત્વ છે. એ કારણે જ ડૉક્ટર, અધ્યાપક, લેખક, ગાયક, વક્તા, છ હજાર પુસ્તકોનું ગ્રંથાલય ધરાવતા બહુશ્રુત વાચક, વિજ્ઞાની, ફિલૅન્થ્રૉપિસ્ટ જેવાં ઘણાં ક્ષેત્રોમાં કાર્ય કરનાર અને વિદ્યાનાં અનેક ક્ષેત્રોમાં ગતિ કરનાર શ્રી સુધીરભાઈ શાહે વ્યવસાય, સેવા અને સર્જનની કેટલી બધી વ્યસ્તતા વચ્ચે માનવજીવનમાં સુખનું સાચું સૌંદર્ય કઈ રીતે પ્રગટે તેનું આકાશ આપણી સમક્ષ સર્જ્યું છે.

**– કુમારપાળ દેસાઈ**

# નરગિસ મોહમ્મદી - પ્રગતિ અને અગતિ



નરગિસ મોહમ્મદી

પશ્ચિમ એશિયામાં ક્ષેત્રફળ અને વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટો દેશ ઈરાન છે. 'આર્યોની ભૂમિ' એવો ઈરાન ચર્ચામાં છે. ઈરાનની ફારસી ભાષા તેના લાલિત્ય માટે જાણીતી છે. આ પ્રાચીન દેશને ૧૯૬૩માં શ્વેત-ક્રાંતિ હેઠળ આધુનિક બનાવવાનો પ્રયાસ તેના શાસકો દ્વારા કરવામાં આવ્યો. લાંબા પ્રયાસો છતાં તે દેશ આધુનિકતાના માર્ગે ચાલી ન શક્યો. ૧૯૭૯માં ત્યાં ઈસ્લામિક ક્રાંતિ હેઠળ સત્તાપલટો થયો અને ઈરાનને ઈસ્લામિક પ્રજાસત્તાક ઘોષિત કરવામાં આવ્યું. પરિણામે વાણી અને લેખનનું સ્વાતંત્ર્ય નહિવત્ છે. દેશનો કાનૂની વ્યવહાર ઈસ્લામિક કાયદા શરિયત પર આધારિત છે. ઈસ્લામિક ક્રાંતિ દરમિયાન ૧૯૭૫થી ૭૯ સુધી ન્યાયમૂર્તિના પદ પર પહોંચેલાં ઈરાનનાં પ્રથમ મહિલાન્યાયમૂર્તિ શીરીન એબાદીને તેઓ મહિલા હોવાને નાતે આ હોદ્દા પરથી રાજીનામું આપવાની ફરજ પડી હતી. આ પડકારને કારણે તેમને એક વિશેષ કાર્યક્ષેત્ર સૂઝેલું અને તે કાર્યક્ષેત્ર હતું માનવઅધિકારોનું. તેમની નજરે સમાજનો સૌથી અવગણાયેલો વર્ગ બાળકો અને મહિલાઓનો છે. આ ક્ષેત્રે અનેક મુશ્કેલીઓ અને યાતનાઓ વેઠીને તેમણે કામ કર્યું છે. જેને કારણે તેઓ ઈરાનનાં પહેલાં એવાં મહિલા છે કે જેમને ૨૦૦૩માં શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

ઑક્ટોબર, ૨૦૨૩માં - બરાબર એક વીસી પછી - તેમને યાદ કર્યા વગર રહી શકાય તેમ નથી. આ જ ઘટનાનું આજે પુનરાવર્તન થયું છે. ૨૦૨૩ના વર્ષનું શાંતિનું નોબેલ પારિતોષિક અન્ય એક ઈરાની મહિલા - નરગિસ મોહમ્મદીએ પ્રાપ્ત કર્યું છે.

નોબેલ પારિતોષિકની આ સિદ્ધિ બીજી એક દુઃખદ ગવાહી પણ પૂરી પાડે છે. ઈરાનનો સમાજ અને મહિલાઓ ક્યાં છે ? કટ્ટરવાદી ઈસ્લામિક સરકારે શરિયતના કાયદાઓ અનુસાર રાજકીય વ્યવસ્થા ગોઠવી છે. તદ્નુસાર હિજાબ(પરદા કે પડદાપ્રથા)ની પ્રથા પુખ્ત મહિલાઓ માટે ફરજિયાત છે; પરંતુ આ પ્રથાનો અમલ નાની વયની મહિલાઓ માટે પણ કરવામાં આવે છે. હિજાબ ન પહેરવો તે ગુનાહિત કૃત્ય માનવામાં આવે છે. આથી ત્યાં હિજાબના વિરોધમાં આંદોલનો ચાલે છે. આ આંદોલનમાં ૫૦૦થી વધુ મહિલાઓનાં મોત નીપજ્યાં છે.

બીજી તરફ યુનિવર્સિટી શિક્ષણનાં દ્વાર મહિલાઓ માટે ખુલ્લાં છે. આમ આધુનિક ઢબનું શિક્ષણ અને રૂઢિચુસ્ત મહિલા-જીવન ત્યાંની મહિલાઓના જીવનમાં કરુણ સંઘર્ષ ઊભો કરે છે. શીરીન એબાદી પછી વીસ વર્ષે સામાજિક જીવનમાં સક્રિય બનેલાં નરગિસ મોહમ્મદીને પણ આ કરુણ જીવનસંઘર્ષ વેઠવાનો આવ્યો ત્યારે તેમણે પણ વિરોધનો સૂર વ્યક્ત કર્યો. તેમનો આ સૂર એકલપંથી ન રહેતાં સમગ્ર મહિલાસમાજનો સૂર બન્યો અને શરૂ થઈ સંઘર્ષની આ કહાણી જે સાર્વત્રિક બની.

મહિલાઓ હિજાબના વિરોધમાં રસ્તાઓ પર ઊતરી આવી છે. ત્યાંની મોરલ પોલીસ આ માટે ઈજાજત આપતી નથી. હિજાબ વગરની મહિલાઓને શોધી શોધીને જાહેરમાં માર મારવામાં આવે છે. આવી કટ્ટરવાદી શાસનવ્યવસ્થા ચલાવી લેવાની વૃત્તિનો મહિલાઓ ભારે વિરોધ કરે છે. મહસા અમિની નામની યુવતીએ તેનો વિરોધ કરતાં તેને ઢોર માર મારી મોતને ઘાટ ઉતારવામાં આવેલી. તાજેતરમાં જ બીજી યુવતી અર્મિતા ગ્રાવડાને પણ હિજાબ ન પહેરવા બદલ સખત માર મારવામાં આવતાં તે કોમામાં જતી રહી છે. મોરલ પોલીસ નામનું વહીવટી એકમ હિજાબ વગરની મહિલાઓને શોધતું રહે છે અને મહિલાઓને બેરહમીથી માર મારી તેમનું જીવન હરામ કરી દે છે.

આવી પરિસ્થિતિમાં ૨૧ એપ્રિલ, ૧૯૭૨માં ઈરાનના જંજાન શહેરમાં જન્મેલાં નરગિસ મોહમ્મદી મહિલાઅધિકારો માટે લડત ચલાવવા કટિબદ્ધ હતાં. એકાવન વર્ષની વય ધરાવતાં નરગિસે ૩૧ વર્ષ જેલમાં વિતાવ્યાં છે. કુલ મળીને તેમને ૧૫૪ કોરડાની સજા થઈ છે. તેમની પર હજુ બીજા ત્રણ કેસ પેન્ડિંગ છે, જેમાં તેમને વધુ કારાવાસ ભોગવવાનો આવશે. આ મહિલા અવિરત સંઘર્ષનું જીવંત ઉદાહરણ છે. મહિલાઓનાં જીવનના વિવિધ સંઘર્ષો ઘટે અને મહિલાઓને સમાનતા મળે તે માટે તેમણે દાયકાઓ પહેલાં ઝુંબેશનો આરંભ કરેલો. પ્રારંભે અખબારોનાં માધ્યમથી મહિલાઓને જાગૃત કરીને અખબારોમાં નિયમિત કૉલમો લખીને અલગ અલગ મુદ્દાઓ દ્વારા તેમણે મહિલા-અધિકારોના પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ ત્રુટક છૂટક પ્રયાસો દેશવ્યાપી બન્યા, મહિલા-આંદોલનો થવા લાગ્યાં. મહિલાઓની સ્થિતિ સુધારવાની જરૂરિયાત ધીમે ધીમે અનિવાર્યતા બનવા લાગી; પરંતુ ઈરાનના શાસકો તેનો સ્વીકાર કરી શક્યા નથી. ઈરાનની મોરલ પોલીસ નામનું વહીવટી એકમ (અને તે દ્વારા તેના શાસકો) મહિલાઓને રૂઢિચુસ્ત જીવન જીવવાની ફરજ પાડે છે. બીજી તરફ જનજીવનમાં સુધારાવાદી પુરુષો સાથે પણ આ પોલીસ કટ્ટરતાથી પેશ આવે છે અને તેમના પર આરોપો મૂકી, ઝડપથી કેસ ચલાવી તેમને મૃત્યુદંડની સજા કરે છે. આથી નરગિસ મોહમ્મદી ઈરાનમાં મૃત્યુદંડની નાબૂદીની સજાની હિમાયત કરે છે. મહિલાઓના માનવઅધિકારો અને મૃત્યુદંડની નાબૂદી – એ બે તેમનાં મુખ્ય કાર્યક્ષેત્ર છે. તહેરાનની એવીન જેલમાં દસ વર્ષની સજા ભોગવી રહેલાં નરગિસને વારંવાર ધરપકડ વહોરવી પડેલી.

૧૯૯૯માં તેમણે સુધારાવાદી વિચારો ધરાવનાર યુવક તઘી રહેમાની સાથે લગ્ન કર્યાં અને તે બે જોડિયાં બાળકોની માતા છે. લગ્ન પછીના બીજા જ વર્ષે પહેલી જ વાર તઘી રહેમાનીની ધરપકડ કરી સુધારાવાદી લેખો બદલ શાસકોએ તેમને ૧૪ વર્ષની જેલની સજા ફટકારી. આ સજાઓથી મુક્ત થતાં તઘી રહેમાની તેમનાં બે જોડિયાં બાળકો સાથે ફ્રાંસમાં સ્થાયી થયા છે. વાસ્તવમાં નરગિસને થતી વારંવારની જેલને કારણે તેમણે સ્વૈચ્છિક દેશવટો ભોગવી, ફ્રાંસમાં રહી બાળકોના સ્વસ્થ ઉછેરને પ્રાધાન્ય આપ્યું છે. ખેડૂત પિતાની પુત્રી નરગિસને માતાના નવી શૈલીના વિચારો પસંદ હતા. આથી ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિ વેળાથી અભ્યાસ સાથે જાહેરજીવનમાં સક્રિય રહેવાનું બનેલું. કૉલેજજીવનમાં ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કરતાં કરતાં શીરીન એબાદી સ્થાપિત Defenders of Human Rights Centre(DHRC)નાં સભ્ય બની તેઓ જાહેરજીવનમાં સક્રિય થતાં ગયાં અને આગળ જતાં આ સંગઠનનાં ચૅરમૅન શીરીન એબાદી સાથે તેઓ સંગઠનનાં ઉપપ્રમુખ બન્યાં.

ઈસ્લામધર્મી રૂઢિચુસ્તતા સાથે તેમણે મહિલાસંગઠનો, માનવઅધિકારો અને જાહેરજીવનનાં નવાં ધોરણોના વિચારો ઈરાનના જનજીવનમાં સ્થાપિત અને પ્રચલિત કરવાની હિમાયત કરી. તેમનું આ આંદોલન 'નૂતન શેરિયતવાદ' તરીકે જાણીતું બનેલું છે. સ્વાભાવિક છે કે દેશની રૂઢિચુસ્ત સરકારને આ નવા વિચારો અનુકૂળ ન આવે. તેમના અને સરકાર વચ્ચેના સંઘર્ષનું આ મૂળભૂત કારણ છે. વધુમાં રૂઢિચુસ્ત સરકાર ધાર્મિક શાસનની દુહાઈ દઈને દેશના સજ્જન, સાચાબોલા, ઈમાનદાર નાગરિકોને ખોટી રીતે ફાંસીની સજા ઘોષિત કરતી હોવાથી નરગિસ મૃત્યુદંડની સજાની નાબૂદીનાં પ્રખર પ્રવક્તા છે. સત્તા સામે માથું ઊંચકનાર આવાં મહિલા નાગરિકોને નશ્યત જ કરવાં જોઈએ એમ માનનાર સરકાર ખુદની માન્યતાને સાચી ઠેરવવા શેષ જગત સામે મિથ્યા પ્રયત્નો કરી રહી છે. તે એટલે સુધી કે નરગિસના નૂતન શેરિયતવાદના પ્રયાસોને ઈરાનના વિદેશ મંત્રાલયે દોષિત ઠેરવી તેમને એનાયત થયેલા ૨૦૨૩ના નોબેલ શાંતિ પારિતોષિકને પોંખવાને બદલે તેની ટીકા કરી છે.

એકાવન વર્ષની ઉંમરમાં એકત્રીસ વર્ષ જેલવાસ કરનાર નરગિસે જેલનાં ૩૧ વર્ષોમાં ઘણાં વર્ષો એકાંત જેલવાસની સજા વેઠી છે, નેલ્સન મંડેલાની જેમ જ સ્તો. 'એકાંત કેદની સજા ઘાતકી અને અમાનવીય છે અને તેને નાબૂદ કરાવ્યા વિના હું જંપવાની નથી' એવા તેમના અંગત મંતવ્ય અંગે તેઓ દૃઢાગ્રહી છે. એકાંત જેલવાસની સજાને તેઓ 'સફેદ યાતના' ગણે છે. આ સંદર્ભે જેલમાં સાથી મહિલાઓ પર ગુજારવામાં આવતા ત્રાસને અનુલક્ષીને ૨૦૨૨માં તેમણે એક પુસ્તકની રચના કરી છે જેનું શીર્ષક જ 'White Torture' છે. આ સંદર્ભે એક આનંદભરી આડવાત પણ કરી જ લઈએ. ઉપર જણાવી તેવી બધી સજાઓના વિરોધમાં ઈરાનિયન નાગરિક મહેંદી યારાહીએ એક ગીતની રચના કરી છે. આ વિરોધગીત 'રુસારીટો'ને નરગિસે પ્રબળ સમર્થન પૂરું પાડ્યું છે અને શાસકો ગીતરચનાકાર અને નરગિસ બંને પર ભારે ખફા છે.

ભૌતિકશાસ્ત્રમાં કારકિર્દીનો આરંભ કરનાર નરગિસે 'તાશકોલ દાનેશજુયી રોશનગરાન'(Enlightened Student Group)ની કૉલેજકાળ દરમિયાન સ્થાપના કરેલી અને ભૌતિકશાસ્ત્રમાંથી પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રવેશ કરી જીવનની કારકિર્દીને એક નવા જ ક્ષેત્રમાં સક્રિય કરી. આરંભે અખબારોમાં સુધારાવાદી લેખો પ્રકાશિત કરીને તેઓ ચીલો ચાતરી ગયાં. રાજકીય નિબંધોનું તેમનું પુસ્તક 'The Reforms, the Strategy and the Tactics' આ સંદર્ભે નોંધપાત્ર છે. આવા સરસ પ્રયાસોને ઈરાનની સરકાર ન આવકારે પણ દુનિયાના પ્રજાજનો તો તેને પોંખે જ ને ! એથી એલેકઝાંડર-લેંગર ઍવૉર્ડ, વાઈમર હ્યુમન રાઈટ્સ ઍવૉર્ડ, આંદ્રે સખારોવ પ્રાઇઝ, ગુલેરમો કેનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ પ્રાઇઝ અને સાવ તાજેતરમાં નોબેલ શાંતિ પારિતોષિક-૨૦૨૩ની પ્રાપ્તિથી તેઓ વૈચારિક સમૃદ્ધિથી ધનવાન છે. નરગિસની આ અસાધારણ હિંમતને શીરીન એબાદીએ આ રીતે પોંખી છે. શીરીન એબાદીને ૨૦૧૦માં 'ફેલીક્સ એરમાકોરા હ્યુમન રાઈટ્સ ઍવૉર્ડ' એનાયત થયેલો ત્યારે શીરીને કહ્યું, 'આ ઍવૉર્ડ મારા કરતાં આ હિંમતબાજ મહિલાને એનાયત થવો જોઈતો હતો.' આ અનોખી શાંતિ પારિતોષિક વિજેતા મહિલાને અનેકાનેક સલામો. મહિલાઓની પ્રગતિ અને શાસકોની અગતિનો ક્યારે મેળ બેસે છે તે તો ઇતિહાસ જ કહી શકશે.

**- રક્ષા મ. વ્યાસ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

**બૅંકની વિગત**

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ-૨૦૨૩
## (વીજાણુ અંગત આંકડા-માહિતી સંરક્ષણ ધારો-૨૦૨૩)

તાજેતરમાં ભારતની સંસદમાં ચોમાસુ સત્રમાં એક ખૂબ મહત્ત્વનો અને લાંબા ગાળે સૌને એક અથવા બીજી રીતે સ્પર્શતો કાયદો પસાર કરવામાં આવ્યો. અંગ્રેજીમાં 'ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન ઍક્ટ ૨૦૨૩' પસાર કરવામાં આવ્યો. ૨૦૧૭માં ભારતની સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વના ચુકાદામાં કહ્યું કે, બંધારણની કલમ ૨૧ હેઠળ વ્યક્તિની અંગત બાબતોની ગુપ્તતા જાળવવી તે જીવન જીવવાના મૂળભૂત અધિકારનો ભાગ છે. ભારત સરકારે આ માટે જરૂરી કાયદાકીય રક્ષણ પૂરું પાડવાના હેતુથી નિષ્ણાતોની એક સમિતિની ૨૦૧૭માં નિમણૂક કરી. આ સમિતિના અહેવાલને આધારે ડિસેમ્બર, ૨૦૨૧માં એક બિલનો મુસદ્દો સૂચનો માટે જાહેરમાં રજૂ કરવામાં આવ્યો. આ અંગેનાં સૂચનોની વિચારણા બાદ કાયદા કરવાની દિશામાં સરકાર આગળ વધી.

૩ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ લોકસભામાં બિલ રજૂ થયું. ૪ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ લોકસભાએ બિલને મંજૂરી આપી અને રાજ્યસભામાં મોકલ્યું. ૯ ઑગસ્ટે રાજ્યસભાએ બિલને સ્વીકૃતિ આપી અને ૧૧ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) કાયદો મંજૂર થયો. જોકે આ કાયદાના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર આગામી આઠ માસમાં જે અમલની તારીખ નક્કી કરે તે તારીખથી આ કાયદો લાગુ પડશે. આ કાયદાની વિવિધ જોગવાઈઓ અંગેની વ્યવસ્થા વહીવટી તંત્ર ગોઠવશે એટલે તેનો અમલ શરૂ થશે. આપણને સ્વાભાવિક રીતે એ પ્રશ્ન થાય કે ડિજિટલ પર્સનલ ડેટામાં એવું શું છે કે તેના રક્ષણ માટે ખાસ કાયદો કરવો પડે? આ કાયદાની કડક જોગવાઈઓમાંની એક છે કે કોર્ટને રૂ. ૨૫૦ કરોડની રકમનો દંડ કરવાની સત્તા આપી છે. આ કાયદાનું સાંપ્રત સમયમાં મહત્ત્વ સમજવા માટે આપણે ડેટા (Data) કઈ રીતે મહત્ત્વનો બન્યો છે તે સમજવું જોઈશે. લૅટિન ભાષાના ડેટમ (Datum) કોઈ વસ્તુ/ચીજના બહુવચન તરીકે ડેટા શબ્દ ચલણી બન્યો છે. ગુજરાતીમાં તેના ત્રણ અર્થ થઈ શકે છે : ૧. આંકડા, ૨. માહિતી અને ૩. આધાર વિગતો. ૧૭મી સદીમાં જહૉન ગ્રાન્ટે રોગચાળાની સ્થિતિ અને જાહેર આરોગ્યના પ્રશ્ને આંકડાકીય માહિતી એકત્ર કરવાનું શરૂ કરેલું. કોરોના મહામારીના લૉકડાઉનના સમયે ક્યાં દરરોજ કેટલા નવા કેસો થયા ? ક્યાં કેટલાં મરણ થયાં ? ક્યાં કેટલા દર્દીઓ સારવાર હેઠળ છે ? ક્યાં કેટલા દર્દીઓ સાજા થયા ? તેના આંકડાઓ આપણે સૌ ખૂબ આતુરતાથી જોતા હતા. જહૉન ગ્રાન્ટે ૧૬૪૦ના દસકામાં કરેલી શરૂઆત ૨૦૨૦માં સમગ્ર વિશ્વમાં મહામારી ફેલાતાં તેની રોકથામ માટે - ખાસ કરીને અન્ય કેટલાને ચેપ લાગ્યો અને તે કેમ નિવારી શકાય તે માટેનું આંકડાકીય વિશ્લેષણ આપણે જોયું. આનાથી આરોગ્યક્ષેત્રે આંકડા(ડેટા)નું મહત્ત્વ સમજાયું.

૧૮૮૦ના દાયકામાં અમેરિકી આંકડાશાસ્ત્રી હર્મન હોલેરિથે એક ગણતરીયંત્રની શોધ કરી. આજના કમ્પ્યૂટરના પૂર્વજ જેવા આ મશીનમાં કાર્ડ પર માહિતીને ચોક્કસ રીતે પંચ કરીને ગણતરી ઝડપી બનાવવામાં આવી. અમેરિકાની વસ્તીગણતરીની કામગીરી એક વર્ષથી ટૂંકા ગાળામાં પૂર્ણ થઈ શકી. ત્યારબાદ ફ્રિટ્ઝ ફ્લ્યુમેરે ૧૯૨૮માં મૅગ્નેટિક ટેપ દ્વારા આંકડાકીય માહિતી અને અવાજને રેકૉર્ડ કર્યાં. આ મૅગ્નેટિક ટેપોનો ઉપયોગ અને અનુભવ હાલના વરિષ્ઠ નાગરિકોને છે. આ મૅગ્નેટિક ટેપ બાદ ડેટા સ્ટોરેજ માટે ફ્લોપી ડિસ્ક અને હાર્ડ ડિસ્કનો ઉપયોગ પણ થયો. ગ્રામોફોનમાં સંગીત-પ્રવચન સ્ટોર કરી ફરી સાંભળવા માટે રેકર્ડ વગાડતું થાળીવાજું (ગ્રામોફોન) પણ આજે તો એક પુરાણી અજાયબી તરીકે સાચવવામાં આવે છે. અમેરિકામાં એડવર્ડ કોડ નામના કમ્પ્યૂટર વૈજ્ઞાનિકે 'રિલેશનલ ડેટા બેઝ' અને 'ડેટા ટેબલ'ના આવિષ્કાર સાથે ડેટાને રોજબરોજનાં અનેક કામોમાં કેમ ઉપયોગી બનાવી શકાય તે મુદ્દે નોંધપાત્ર પ્રદાન કર્યું.

સર ટીમ બર્નસ લી દ્વારા હાઈપરટેસ અને હાઈપર લિંક દ્વારા માહિતીના આદાન-પ્રદાનને સરળ અને ઝડપી બનાવ્યાં. ૧૯૯૭માં 'ગૂગલ'ની સ્થાપના સાથે જે એક નવી શરૂઆત થઈ તે માહિતીને ફેલાવવાની કામગીરીમાં આજે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. આ ટૅક્નૉલૉજીની યાત્રાનો હજી તો પ્રારંભ છે. ડેટાના વિશ્લેષણ અને સ્ટોરેજ બાબત અનેક કાર્યક્રમો (પ્રોગ્રામ) બનતાં આજે 'ડેટા' એ સૌથી મૂલ્યવાન મૂડી બન્યું છે. તેના અનેકવિધ ઉપયોગથી અનેક સારાં કામો થઈ શકે છે તો તેના દુરુપયોગથી વ્યક્તિને હેરાન-પરેશાન કરવી, છેતરપિંડી કરવી કે બદનામ કરવી તે સરળ બન્યું છે. ડેટા પ્રોટેક્શનની કામગીરી - ખાસ કરીને અંગત માહિતીની ગુપ્તતા જાળવવા માટે જે કાયદો થયો છે તેની મહત્ત્વની જોગવાઈઓ આ મુજબ છે :

૧. આ કાયદો ડેટા-માહિતીનો સંગ્રહ કરતી તમામ વ્યક્તિ/સંસ્થાનો નાગરિકની અંગત માહિતીની ગુપ્તતા જાળવવા માટે ફરજ પાડી તેમની જવાબદારી નક્કી કરે છે.

૨. આ કાયદા હેઠળ દોષિત ઠરનારને લઘુતમ રૂ. ૫૦ કરોડ અને મહત્તમ રૂ. ૨૫૦ કરોડના દંડની જોગવાઈ કરે છે.

૩. જે વ્યક્તિઓ માહિતીનો ઉપયોગ કરવા ઇચ્છે છે તેમણે માહિતીના વિશ્લેષક તરીકે કોઈ પણ વ્યક્તિની ઓળખ થાય તે રીતે તેનો અંગત ડેટા વાપરવાનો નથી. અંગત ડેટાનો ઉપયોગ ઓળખ છતી થયા વિના થાય તે અંગે કોઈ મુશ્કેલી નથી.

૪. જે વ્યક્તિ, સંસ્થા કે કંપની આ માહિતી એકત્ર કરી સાચવે છે તે માહિતીની ગુપ્તતાના વિશ્વાસુ છે. બીજા શબ્દોમાં આ માહિતી માટે તેઓ ટ્રસ્ટી છે, વાલી છે. તેમણે માહિતીનો ઉપયોગ આ કાયદાની મર્યાદામાં રહીને કરવાનો છે.

૫. આ કાયદો ડિજિટલ ડેટા માટે લાગુ પડે છે. ભારતમાં ઉપયોગ કરવાના હેતુથી ભારતીય નાગરિકોની માહિતીનો ઉપયોગ કરનાર વિદેશી કંપનીઓને પણ લાગુ પડે છે. આ કાયદાની જોગવાઈઓમાંથી જાહેર હિત માટે જરૂરી હોય તેવી સંસ્થાને મુક્તિ આપવાની સત્તા કેન્દ્ર સરકાર ધરાવે છે.

૬. આ કાયદા હેઠળ કોઈ પોતાના અંગત કામ માટે મર્યાદિત રીતે માહિતીનો ઉપયોગ કરે તો તે ગુનો નથી. ઉદાહરણરૂપ કોઈ વિદ્યાર્થી નિબંધ લખવા માટે જરૂરી

એવી કોઈની અંગત વિગતોનો ઉપયોગ કરે અથવા કોઈનું સરનામું, મોબાઇલ નંબર કે ઈમેઇલ ઍડ્રેસ શોધે તો તે કાયદાનો ભંગ નથી.

૭. કાયદા દ્વારા 'અંગત માહિતી' અને 'સંવેદનશીલ અંગત માહિતી' વચ્ચે ભેદ કરવામાં નથી આવ્યો. તમામ પ્રકારની અંગત માહિતીને રક્ષણ આપવામાં આવ્યું છે.

૮. કોઈની અંગત માહિતી કાયદેસરના હેતુ કે કાર્ય માટે એકત્ર કરી શકાશે. જે માહિતી એકત્ર કરવામાં આવે તે કાયદેસરના કામ માટે જરૂરી છે તે સ્થાપિત કરવાની જવાબદારી 'ડેટા ફિડ્યુસરી'ની છે.

૯. જેમના અંગે માહિતી એકત્ર કરવામાં આવી છે તે આ કાયદા હેઠળ 'ડેટા પ્રિન્સિપાલ' તરીકે ઓળખાય છે. તેમની સ્પષ્ટ, બિનશરતી, હકારાત્મક સહમતી બાદ જ તેની ઓળખ જાહેર થાય તે રીતનો અંગત ડેટાનો ઉપયોગ કરી શકાશે. ડેટા પ્રિન્સિપાલને આ સહમતી યોગ્ય નોટિસ આપ્યા બાદ પરત ખેંચવાનો અધિકાર છે. બાળકો, દિવ્યાંગો માટેની સહમતીમાં વાલીઓની સહમતી પણ જરૂરી છે.

૧૦. સરકારે આ કાયદાના અમલ માટે ડેટા પ્રોટેક્શન બોર્ડની રચના કરવાની છે.

૧૧. આ કાયદા હેઠળ જેમના અંગત ડેટાનો ગેરઉપયોગ થયો હોય તો ડેટા ફિડ્યુસરી(ટ્રસ્ટી)એ તેની જાણ આવી વ્યક્તિને કરવાની છે.

આ કાયદા હેઠળની ઘણી જોગવાઈઓ સરકારના નિર્ણય પર આધારિત છે. આ કાયદો નાગરિકોને તેમની અંગત માહિતીનો ગેરકાયદેસર ઉપયોગ ન થાય તે માટે રક્ષણ આપે છે, પણ જ્યારે કાયદા કે જાહેરહિત માટે આવી માહિતીનો ઉપયોગ કરવાનો હોય તો કરવાની છૂટ કાયદા હેઠળ મળી શકે છે.

**– પ્રવીણ ક. લહેરી**

---






છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/–**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**

# ફોટાઓની કરમકહાણી...

ગઈ દિવાળી ઉપર એક સામયિકના તંત્રીએ મારો લેખ અને સાથે મૂકવા મારો ફોટો મગાવ્યો હતો. રાષ્ટ્રીય કક્ષાના ફોટોગ્રાફર જગન મહેતા(જગનદાદા)એ મારા ફોટા પાડેલા અને એ ફોટાની નૅગેટિવ મારી પાસે હતી. એ ફોટા મોકલવાનું મેં નક્કી કર્યું. હું પોતે ઘણો સામાન્ય માણસ છું, પણ અસામાન્ય માણસો સાથે મારી સરખામણી થઈ શકે એમ છે. જેમ કે, મહાત્મા ગાંધીના ફોટા પાડનાર જગનદાદાએ મારા ફોટા પાડ્યા હતા, પ્રસિદ્ધ મ્યુઝિક ડિરેક્ટર કલ્યાણજી આણંદજીનું ફર્નિચર બનાવનાર સુથારે, ઉછીના પૈસા લઈને ખરીદેલા, મારા ફ્લૅટનું ફર્નિચર બનાવ્યું હતું; ભાવનગરના પ્રજાવત્સલ રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજીની શેરવાણી સીવનાર દરજીએ મારાં કપડાં સીવ્યાં છે, હજુ સીવે છે !

લેખ તો મેં થોડો મોડો, પણ મોકલી આપ્યો. પણ ફોટો મોકલવામાં ઘણો વિલંબ થયો. સોમવારે બતાવવાનું લેસન ગુરુવારે કે કોઈ વાર તો પછીના સોમવારે હું બતાવતો ત્યારે અમારા એક શિક્ષક ‘કલ કરો સો આજ કરો, આજ કરો સો અબ’વાળી ઉક્તિ અવશ્ય કહી સંભળાવતા. જોકે લેસન તપાસવાનું કામ એ બીજા દિવસ ઉપર ઠેલતા અને કેટલીક વાર એ બીજો દિવસ આવતો પણ નહિ! આથી જોકે ‘ગુરુનું જીવન એ જ એમનો સંદેશ’ એવો ભાવ મારા હૃદયમાં દઢ થયો ને દરેક કામ તરત ને તરત કરવાને બદલે બને એટલું મોડું કરવાનો અથવા બને તો ન જ કરવાનો નિયમ મેં સ્વીકાર્યો. આ નિયમને કારણે જ લેખ ભલે થોડો મોડો (જોકે તંત્રીના મતે ઘણો મોડો) પણ મેં મોકલ્યો, પણ ફોટો મોકલવાનું લંબાતું ગયું. છેવટે તંત્રીની કડક ઉઘરાણી આવી. એટલું જ નહિ, ફોટો સમયસર નહિ મળે તો ફોટા વગર જ લેખ છાપી દેવાની એઓશ્રીએ ધમકી પણ આપી. મારા લેખો બધા જ સારા હોય એવું બનતું નથી, પણ મારા ફોટા બધા જ સારા આવે છે (ફોટોગ્રાફરને કારણે). એટલે વાચકો મારા લેખથી પ્રભાવિત થાય કે ન પણ થાય, પરંતુ જગનદાદાએ પાડેલા મારા ફોટાથી જરૂર પ્રભાવિત થશે એવી મને શ્રદ્ધા હતી. એટલે ઉઘરાણીપત્ર મળ્યો એ જ દિવસે હું એક સ્ટુડિયો પર ગયો ને સાત ફોટાની નૅગેટિવ આપી એક એક નકલ કાઢી આપવા કહ્યું. અર્ધા પૈસા ઍડવાન્સ રૂપે લઈ, સ્ટુડિયોના સંચાલકે મને પહોંચ આપી તથા પછીના દિવસે ફોટા લઈ જવા જણાવ્યું.

બીજે દિવસે મારે અચાનક બહારગામ જવાનું થયું. અઠવાડિયા પછી પાછો આવ્યો. સામયિકના તંત્રીને થોડું વધુ મોડું થશે એવી જાણ કરી દીધી હતી, પણ હવે ‘થોડું વધુ મોડું’ને બદલે ‘વધુ થોડું મોડું’ ન થાય એવી ભાવનાથી બહારગામથી આવીને તે જ દિવસે ફોટા લઈ આવવાનો મેં નિર્ણય કર્યો. આ માટે પેલી રસીદ શોધી, પણ રાબેતા મુજબ જડી નહિ.

ઘરનાંઓને પૂછું તો ગમે તે વસ્તુ ગમે ત્યાં મૂકી દેવી ને પછી ઘાંઘા થવું એ વિશે આબાલવૃદ્ધ સૌનાં વચનો સાંભળવાં પડે. એટલે પહોંચ વગર સ્ટુડિયોમાં પહોંચી ગયો.

'પહોંચ લાવો.' સ્ટુડિયોના સંચાલકે કહ્યું.

'પહોંચ નથી' હું ઉવાચ.

'તો ફોટા ન મળે.'

'હેં ! મારા ફોટા અને મને ન મળે ? ફોટા જોઈ - મને જોઈ - પછી ખાતરી થાય કે મારા ફોટા છે તો  જ આપજો.'

'પહોંચ વગર ફોટા જડે જ નહિ ને !'

'ડુપ્લિકેટ નકલ - પહોંચની હશે ને ?'

'ના, આની ડુપ્લિકેટ નકલ ન હોય. બિલ બને પછી જ બિલની ડુપ્લિકેટ બને.'

'તો મારે ફોટા મેળવવા શું કરવું ?'

'પહોંચ લઈ આવો.'

'ધારો કે પહોંચ ન જ મળે તો ?'

'તો ફોટા ન મળે. એમાં ધારવાનો પ્રશ્ન જ નથી. ફોટા નહિ જ મળે - ચોક્કસ.'

'આ તો ખરું કહેવાય ! જોકે ખરું ન કહેવાય; ખોટું કહેવાય. જુઓ, મારે ફોટા જોઈએ જ છે.'

'બરાબર. પણ એ માટે મારે પહોંચ તો જોઈએ જ.'

'પણ પહોંચ મળતી નથી એનું શું થાય ?'

'કશું ન થાય. ફોટા ન મળે.'

'પણ જે દિવસે મેં ફોટાની નૅગેટિવો આપી હતી એ દિવસ, એટલે તારીખ મને યાદ છે' કહી મેં એમને તારીખ અને સમય કહ્યાં. સમય તો સેકંડો સાથે કહ્યો. આટલી ચોકસાઈથી હું તારીખ અને સમય કેમ યાદ કરી શક્યો તેની મને જ નવાઈ લાગી હતી. સ્ટુડિયોના સંચાલકશ્રી તો છક થઈ ગયા હોય એવું લાગ્યું. જે માણસને પહોંચ ક્યાં મૂકી છે એ યાદ નથી એને નૅગેટિવ આપ્યાનાં તારીખ-સમય આટલી ચોકસાઈથી કેવી રીતે યાદ છે એ  એની સમજમાં ન ઊતર્યું હોય એમ લાગ્યું. મારા પ્રત્યે એના હૃદયમાં સદ્‌ભાવ જન્મ્યો કે નહિ તે કહી શકાય તેમ નહોતું, પણ એના હૃદયમાં અપાર કુતૂહલ તો જન્મ્યું જ હશે એમ એના ચહેરા પરના આશ્ચર્યના ભાવો જોઈ મને લાગ્યું. મેં કહેલાં તારીખ-સમય સાચાં છે કે નહિ તેની ખાતરી કરવા એમણે રજિસ્ટર ખોલ્યું ને ચકાસ્યું. એની (અને મારી પણ) ભારે નવાઈ વચ્ચે મારું નામ નીકળ્યું, પણ મારું નામ જોઈને તરત જ એ બોલ્યા, 'આ ફોટાઓની ડિલિવરી તો થઈ ગઈ છે.'

'પણ તમે કહો છો ને કે પહોંચ વગર ડિલિવરી ન જ થાય.'

'તે ન જ થાય ને! પણ થઈ ગઈ છે, એનું શું ? તમે ફોટા લઈ ગયા છો ને તમને યાદ નથી ?'

'હું ક્યાં ફોટા લઈ ગયો છું ? હું તો બહારગામ ગયો હતો. આજે જ આવ્યો. મારું રૂપ લઈને ભગવાન ફોટા લઈ ગયા હશે એવું માનવાનું મારું મન ના પાડે છે.'

'તો, તમારા ઘરના મેમ્બરોમાંથી કોઈ લઈ ગયું હશે.'

'પણ મારા કહ્યા વગર ? હું કોઈ કામ ચીંધું છું તો ઘરનાં માણસો કરે છે એની ના નહિ, પણ મારા કહ્યા વગર તેઓ કામ કરે એવો ચમત્કાર હજુ બન્યો નથી.'

'તે હું કંઈ ન જાણું. અમે પહોંચ વગર ફોટા આપતા જ નથી. પહોંચ લઈને કોઈ આવ્યું હશે તો જ અમે ફોટા આપ્યા હશે.'

'અચ્છા ! હું અત્યારે નવો ફોટો પડાવું તો મને સાંજે જ ફોટો મળી શકશે ?'

'હા. રોલમાં એક જ ફોટો છે એટલે શક્ય બનશે.'

મેં નવો ફોટો પડાવ્યો. આમ ભલે હું ખાસ હસી શકતો નથી, પણ ફોટો પડાવતી વખતે હસવાનો પ્રયત્ન કરું છું ખરો, પણ તે દિવસે હસવાનો મારો પ્રયત્ન નિષ્ફળ ગયો.

*

ફોટો પડાવ્યા પછી હું ઘેર આવ્યો. બનેલી દુર્ઘટનાની વાત કરી. પુત્રવધૂ એકદમ અંદર ગઈ ને એક કવર લાવી મારા હાથમાં મૂક્યું.

'આ શું છે ?' મેં પૂછ્યું

'ફોટા છે.'

'ફોટા ? કોના ?'

'તમારા. તમે તે દિવસે બહારગામ જતી વખતે પહોંચ આપી ફોટા લઈ આવવાનું કહેલું અને હું લઈ આવેલી.'

મને કશું યાદ ન આવ્યું. પણ સ્ટુડિયોના સંચાલક સાચા હતા. હું ફોટાની મિસડિલિવરી થઈ છે એમ માનતો હતો પણ ફોટાની નેચરલ ડિલિવરી જ થઈ હતી !

**– રતિલાલ બોરીસાગર**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

નવેમ્બર મહિનામાં ૫ નવેમ્બરે 'સંપ ત્યાં જંપ', ૧૯ નવેમ્બરે 'મદદ એ તો આપણી ફરજ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૨ નવેમ્બરે 'દિવાળી રે દિવાળી', ૨૬ નવેમ્બરે 'ગુરુનાનકની જય હો' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

## શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા ગૌરવ ઍવૉર્ડ

# શ્રી રૂપલ મહેતાને અર્પણ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને આંગણે શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા ગૌરવ ઍવૉર્ડ શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં શ્રી રૂપલબહેન મહેતાને ૨૫ ઑક્ટોબર, ૨૦૨૩ ને બુધવારે અર્પણ કરવામાં આવ્યો. કાર્યક્રમનો શુભારંભ ડૉ. અલ્પા શાહના કંઠે ગવાયેલ વિશ્વકોશ ગાન અને કવિશ્રી ઉમાશંકર જોશીરચિત 'સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી'ના ગાનથી થયો. કુશળ પ્રશાસક શ્રી પી. કે. લહેરીસાહેબે આવકાર પ્રવચનમાં જણાવ્યું કે શ્રી રતિલાલ ચંદરયા સાથે ૧૯૭૪થી હું પરિચયમાં છું એમ કહી એમની સાથેનાં સંસ્મરણો વાગોળીને સહુનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શ્રી રોહિતભાઈ ચંદરયા, શ્રી નેમુભાઈ ચંદરયા, શ્રી કેશવ ચંદરયા, વિમલ ચંદરયા અને શ્રી અજયભાઈ સંઘવીએ સમારંભની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સાહિત્યકાર કુમારપાળ દેસાઈએ શ્રી રતિલાલ ચંદરયા વિશે વિગતે વાત કરતાં કહ્યું કે આજે શ્રી રતિલાલ ચંદરયાના જન્મને ૧૦૧ વરસ પૂર્ણ થાય છે. એમનો જન્મ અને મૃત્યુ બંને વિજયાદશમીએ અને એમનાં ધર્મપત્નીનું નામ પણ વિજયાબહેન હતું. વિદેશમાં જન્મીને અનેક દેશોમાં પોતાની ધંધાકીય શાખાઓ વિસ્તારીને ખૂબ જ વ્યસ્ત હોવા છતાં તેમણે માતૃભાષા માટે જે ભગીરથ કાર્ય કર્યું છે તેના આપણે સૌ સાક્ષી છીએ. માતૃભાષાનું ડિજિટલાઇઝેશન થાય અને તે અનેક લોકો માટે સુલભ બને તે માટે તેઓ જીવનભર સક્રિય રહ્યા. જ્યારે લૅક્સિકનનું કાર્ય સંભાળતાં શ્રી મૈત્રી શાહે વિવિધ કોશો, કહેવતો, રૂઢિપ્રયોગોને ઑનલાઇન મૂકવાની પ્રક્રિયા વિશે વિગતવાર વાત કરી.

શ્રી રતિલાલ ચંદરયા સાથે પારિવારિક નાતો ધરાવનાર શ્રી મુકેશભાઈ શાહે ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવનાર ગુજરાતી લૅક્સિકનથી ભાવિ પેઢી પરિચિત થાય અને તેમનો માતૃભાષાપ્રેમ વ્યાપક બને એ માટે શ્રી રતિલાલભાઈ ખૂબ જ ચિંતિત હતા તેમ જણાવ્યું. તેમની પ્રબળ ઇચ્છાશક્તિને કારણે જ માતૃભાષાની વિશિષ્ટ સેવા કરનારને એક લાખ રૂપિયાના આ ઍવૉર્ડથી નવાજવાનું આજથી શરૂ થયું છે અને વિશ્વકોશ પણ એમાં સહભાગી થયું છે તે ખૂબ જ આનંદની ઘટના છે.

શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા ગૌરવ ઍવૉર્ડ જેમને અર્પણ કરવામાં આવ્યો એવાં શ્રી રૂપલબહેન મહેતાનો પરિચય આપતાં ડૉ. પ્રીતિબહેન શાહે જણાવ્યું કે કૉમર્સ ગ્રૅજ્યુએટ થયાં હોવા છતાં કમ્પ્યૂટર પ્રોગ્રામર અને સિસ્ટમ ઍનાલિસ્ટ તરીકે તેમણે સરસ કામ કર્યું. જુદી જુદી સંસ્થાઓમાં રહીને રૂપલબહેને ઇન્ટરનેટ સંબંધી પ્રવૃત્તિઓને સમાજમાં ખૂબ જ વ્યાપક બનાવી. શ્રી નિરંજન ભગતના સંપર્કને લીધે એમની ભાષાપ્રીતિ વધી અને એમણે સાહિત્યલક્ષી વિવિધ પ્રકલ્પ હાથ ધર્યા. ૧૯૯૯માં ગુજરાતી ફૉન્ટ્સ સાથે ગુજરાતી ઑનલાઇન પૉર્ટલ અપડેટ કર્યું. ગુજરાતી કી-બોર્ડ,



**શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા ગૌરવ ઍવૉર્ડ પ્રસંગે દીપપ્રાગટ્ય કરતાં સર્વ શ્રી રૂપલ મહેતા, મુકેશ શાહ, પી. કે. લહેરી, જગદીશ ત્રિવેદી, તુષાર શુક્લ અને કુમારપાળ દેસાઈ**

ભાષા અને ટૅક્નૉલૉજી ક્ષેત્રમાંથી આવનારાઓની કમ્પ્યૂટરની અનેકવિધ સમસ્યાઓના સમાધાન માટે ઇન્ટરનેટ પર ઉચિત પ્લૅટફૉર્મ ઊભું કરી પોતાનો માતૃભાષાપ્રેમ પ્રગટ કર્યો.

શ્રી રૂપલબહેન મહેતાને મંચસ્થ મહેમાનો દ્વારા શાલ, ઍવૉર્ડ અને ચેક અર્પણ કરવામાં આવ્યાં. પોતાનો પ્રતિભાવ આપતાં શ્રી રૂપલબહેન મહેતાએ આભાર પ્રગટ કરી પોતાને મળેલ રૂપિયા એક લાખ શ્રી નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટને અર્પણ કરવાની ઘોષણા કરી.


આ પ્રસંગે કવિશ્રી તુષાર શુક્લ અને હાસ્યકલાકાર, લેખક અને સમાજસેવક ડૉ. જગદીશ ત્રિવેદીએ માતૃભાષાનું મહિમાગાન કર્યું. કવિ શ્રી તુષાર શુક્લે બોલાતી અને લખાતી ગુજરાતી ભાષાનું પોત હળવી અને માર્મિક શૈલીમાં પ્રગટ કર્યું. આકાશવાણીના એમના અનુભવોની વાત વણીને માતૃભાષાનું મહત્ત્વ સમજાવ્યું. ડૉ. જગદીશ ત્રિવેદીએ વિસરાતા જતા વિવિધ શબ્દો વિશે વાત કરી. શ્રી ઝવેરચંદ મેઘાણીની જાણીતી રચના ‘કોઈનો લાડકવાયો’ની પંક્તિઓનું ગાન કરીને એમાં વપરાયેલા શબ્દોનો સુપેરે મહિમા કરી આપણી માતૃભાષાની શું તાકાત છે તેનું દર્શન કરાવ્યું.

આ સમગ્ર ઍવૉર્ડ સમારોહની આભારવિધિ સાહિત્યપ્રેમી શ્રી નીતિનભાઈ શુક્લએ પોતાની લાક્ષણિક શૈલીમાં કરી. સૌ પ્રત્યે આભાર પ્રગટ કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. અશ્વિન આણદાણીએ એમની વિશિષ્ટ શૈલીથી કરી કાર્યક્રમને જીવંત બનાવ્યો. આ ઍવૉર્ડ સમારોહમાં આમંત્રિતો અને માતૃભાષાપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આમ, સમગ્ર રીતે શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા ગૌરવ ઍવૉર્ડ સમારોહ વિશ્વકોશ અને ઉપસ્થિત સૌ માટે યાદગાર બની રહ્યો. માતૃભાષા ગુજરાતીમાં ભાષા, સાહિત્ય વગેરેને ઑનલાઇન મૂકીને તેના પ્રસાર-પ્રચારમાં કાર્ય કરનારી વ્યક્તિનું સન્માન વિશ્વકોશ દ્વારા સર્વપ્રથમ થયું, તે ગૌરવભરી ઘટના છે.

# સૌથી વધુ ઝડપે ફેલાતાં પ્રકાશ-પ્રદૂષણનાં ભયસ્થાનો

થોડા દિવસ પછી દિવાળીનો તહેવાર આવે છે. ભારતના આ સૌથી મોટા તહેવારની ઉજવણી ઘરની સાફસફાઈ કરી તેને શણગારીને, આંગણામાં રંગોળી પૂરીને, સગાં-સંબંધીઓનું મીઠાઈથી સ્વાગત કરીને, ફટાકડા ફોડીને, દીવડાની રોશની કરીને...કરવામાં આવે છે. ટૅક્નૉલૉજીના વિકાસની સાથે દીવડાનું સ્થાન વીજળીના ટચૂકડા ગોળાએ લઈ લીધું. વીજશક્તિને પ્રકાશમાં પરિવર્તન કરતી ટૅક્નૉલૉજીએ છેલ્લા થોડાક દાયકાઓથી કાર્યક્ષમ એલઈડી બલ્બ આપ્યા. આ ટચૂકડા બલ્બ વાપરવામાં ખૂબ સરળ અને સૌના ખિસ્સાને પરવડે તેવા હોવાથી રોશનીનું પ્રમાણ ખૂબ વધી ગયું. વર્ષોથી અમેરિકાના લાસ વેગાસ શહેરમાં રોજ સવાઈ દિવાળી હોય તેવો માહોલ હોય છે. આપણા દેશમાં પણ સાતેક દાયકા પહેલાંની સરખામણીમાં શહેરોમાં તો બધી જ રાત્રિઓ દિવાળીની રાત હોય તેવું લાગે છે. ૧૮૭૯માં થોમસ આલ્વા એડિસનના તારદીપ્ત (Incandescent) બલ્બથી ન્યૂયૉર્કની શેરી ઝળહળી ઊઠી અને વીજશક્તિના પ્રકાશસ્રોતના આધુનિક યુગનો આરંભ થયો. ત્યારથી આ વિશ્વ 'વીજ-પ્રકાશ'ના ભાર નીચે આવી ગયું છે. રસ્તાઓ, શેરીઓ, રમતનાં મેદાનો, મનોરંજનનાં સ્થળો જેવી અનેક જગ્યાઓ શક્તિશાળી પ્રકાશસ્રોતથી પ્રભાવિત કરવામાં આવે છે. કેટલાક વ્યવસાયો પણ રાતના ચાલતા હોય છે જેની ઑફિસની બારીઓ રાત્રે સતત પ્રકાશ ઓકતી હોય છે. મનોરંજનના બાદશાહ જેવા લૉસ એન્જલસ-અમેરિકાના ડિઝનીલૅન્ડ વિશે સૌ કોઈ જાણે છે. એક અહેવાલ મુજબ લૉસ એન્જલસનું રાત્રે પણ પ્રકાશિત આકાશ વિમાનમાંથી ૩૦૦ કિલોમીટર દૂરથી દેખાય છે. અરે ! હવે તો આકાશમાં તારા જોવા માટે શહેરથી ઘણે દૂર જવું પડે છે. આ લેખકનો અનુભવ છે કે ભેજવાળી આબોહવામાં અને અંધારામાં દેખાતા આગિયા ૧૯૯૦માં કાઝીરંગા - આસામના ચાના બગીચામાં હજારોની સંખ્યામાં દેખાતા હતા; જ્યારે આજે ત્યાં સમ ખાવા પૂરતા એક કે બે આગિયા દેખાય તો પોતાને ભાગ્યશાળી માનવા. આસામનાં જંગલોમાં પણ પ્રકાશની અવળી અસર દેખાય છે. એક અહેવાલ મુજબ દર વર્ષે સરેરાશ ૨ % રાત્રિપ્રકાશ વધે છે. એલઈડીના આગમનથી આ આંકડો ઘણો વધારે હશે.

અહીં એ કહેવાનો ઇરાદો નથી કે કૃત્રિમ વીજ-પ્રકાશ ખરાબ છે. કૃત્રિમ પ્રકાશથી સમાજને ફાયદો જ થયો છે જેના આપણે સૌ સાક્ષી છીએ. કૃત્રિમ પ્રકાશ માનવીના દિવસને લાંબો કરે છે. માનવીનું બૌદ્ધિક સ્તર ઊંચું લાવવામાં કૃત્રિમ પ્રકાશનો સિંહફાળો છે. મકાનની અંદરનો કૃત્રિમ પ્રકાશ ખૂબ જ જરૂરી છે, પરંતુ બહારનો કૃત્રિમ પ્રકાશ જ્યારે બિનકાર્યક્ષમ, બિનજરૂરી અને ત્રાસદાયક બની જાય ત્યારે 'પ્રકાશ-પ્રદૂષણ' તરીકે ઓળખાય છે. ઘણા પર્યાવરણવિદો, પ્રકૃતિપ્રવીણો અને સ્વાસ્થ્યવિશેષજ્ઞો ગંભીરતાપૂર્વક કહે છે કે વિશ્વમાં સૌથી ઝડપથી ફેલાતાં પ્રકૃતિ પ્રદૂષણોમાં 'પ્રકાશ-



**રાત્રિ પ્રકાશિત વિશ્વના આકાશનો નકશો (સૌજન્ય : science.org)**

પ્રદૂષણ' અગ્રેસર છે. તેનો વ્યાપ ખૂબ ઝડપથી વધતો જાય છે. વિશેષજ્ઞોનું માનવું છે કે પ્રકાશ-પ્રદૂષણની ખરાબ દૂરોગામી અસર માનવીના અને અન્ય જીવોના સ્વાસ્થ્ય પર પડશે. અલબત્ત, પૃથ્વી પર મોટાભાગનાં પર્યાવરણીય પ્રદૂષણો માનવી અને તેની શોધો દ્વારા થાય છે. પરિવહન અને પ્લાસ્ટિકના પ્રદૂષણથી આપણે સુપેરે વાકેફ છીએ, પણ ધ્વનિ અને પ્રકાશ-પ્રદૂષણ વિશે હજી ગંભીરતાથી વિચાર્યું નથી. પ્રકાશ-પ્રદૂષણ વિશે વાત કરતાં પહેલાં વીજ-બલ્બના ઉત્પાદન અને તેના નિકાલથી થતા પ્રદૂષણ અંગે પણ વિચારવું જોઈએ. ખરાબ થઈ ગયેલા બલ્બના નિકાલ માટેનું કોઈ વ્યવસ્થિત તંત્ર નથી. એક સમયે સીએફએલની (CFL - Compact Flurecent Light) બોલબાલા હતી. સીએફએલના આડેધડ નિકાલથી જમીનમાં ઝેરી પારો (મર્ક્યુરી) ભળવાનો ભય રહેતો હતો. આજના એલઈડી પ્રકાશસ્રોતમાં સર્વત્ર પ્લાસ્ટિક વપરાયેલું હોય છે. વપરાયેલી પ્લાસ્ટિકની બૉટલ, થેલીઓ, રમકડાં વગેરેના અવિચારી નિકાલથી થતું પ્રદૂષણ ઓછું હતું કે તેમાં હવે એલઈડી બલ્બનો પણ ઉમેરો થયો ?

એકાદ દેશ કે કેટલાંક શહેરો પૂરતી આ સમસ્યા મર્યાદિત નથી. પ્રકાશ-પ્રદૂષણ એ વૈશ્વિક સમસ્યા છે. ૨૦૧૬માં ઉપગ્રહો દ્વારા લીધેલા હજારો ફોટાઓના આધારે કમ્પ્યૂટરે રાત્રિ પ્રકાશિત વિશ્વના આકાશનો નકશો (World Atlas of Night Sky Brightness) તૈયાર કર્યો ત્યારે આ સ્પષ્ટ થઈ ગયું. આ નકશો દર્શાવે છે કે આપણી પૃથ્વી રાત્રે કેવી રીતે અને ક્યાં પ્રકાશિત થાય છે. જિજ્ઞાસુ વાચક આ નકશો 'ઑનલાઈન' જોઈ શકે છે. ઉત્તર અમેરિકા, યુરોપ, મધ્ય પૂર્વ અને એશિયાના કેટલાક વિસ્તારો પ્રકાશથી ઝગમગી રહ્યા છે, જ્યારે પૃથ્વી પરના સાઈબીરિયા, સહારા, મધ્ય ઑસ્ટ્રેલિયા અને એમેઝોન જેવા દૂરના પ્રદેશો સંપૂર્ણ અંધકારમાં છે. વિશ્વના સૌથી વધુ પ્રકાશ-પ્રદૂષિત દેશોમાં સિંગાપોર, કતાર અને કુવૈતનો સમાવેશ થાય છે. આપણા દેશનો દિલ્હીની આસપાસનો વિસ્તાર તેમજ મહારાષ્ટ્રનો કેટલોક ભાગ સૌથી વધુ પ્રકાશ-પ્રદૂષિત છે જ્યારે લદાખ, પૂર્વોત્તર વિસ્તાર અને રાજસ્થાનનો કેટલોક રણપ્રદેશ પ્રકાશ-પ્રદૂષણથી સૌથી ઓછો પ્રભાવિત છે.

જે લોકો સૂર્યાસ્ત પછી લાંબા સમય સુધી પ્રવૃત્ત રહે છે તેઓને કારની હેડલાઇટ, રસ્તા પરની લાઇટ, ઑફિસો, ફેક્ટરીઓ, ઘરની અંદરની લાઇટ, જાહેરાતની લાઇટ વગેરે રાતને દિવસ બનાવી દે છે. મોટા ભાગના શહેરી વિસ્તારોમાં રાત્રિના આકાશનું તેજ કૃત્રિમ પ્રકાશની દેન હોય છે. દુનિયાની ૮૦ ટકાથી વધુ આબાદી રાત્રે પણ પ્રકાશિત આકાશ નીચે રહે છે. અરે ! યુરોપ અને અમેરિકા માટે તો આ આંકડો ૯૯ ટકા સુધી પહોંચી જાય છે. પહેલી નજરે તો આ વાત આકર્ષક લાગે છે પણ લાંબે ગાળે તે જીવસૃષ્ટિ માટે હાનિકારક છે.

કૃત્રિમ પ્રકાશ માનવ અને પ્રાણીઓના કુદરતી શારીરિક લયને પાયમાલ કરી શકે છે. રાત્રિપ્રકાશ ઊંઘમાં વિક્ષેપ પાડે છે અને આંતરિક ઘડિયાળના  લયને ગૂંચવી નાખે છે. દિવસ અને રાત્રિની પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપતી ચોવીસ કલાકની આંતરિક ઘડિયાળ સર્કેડિયન રિધમ (Circadian Rythem) તરીકે ઓળખાય છે. આ ઘડિયાળ લગભગ બધા જ જીવોમાં તેની શારીરિક પ્રક્રિયાને અસર કરે છે. આ પ્રક્રિયાઓમાં મેલાટોનિન નામનું એક હૉર્મોન ઉત્પન્ન થાય છે. તે અંધારામાં મુક્ત થાય છે અને પ્રકાશમાં અટકી જાય છે. રાત્રે દિવસ જેવા પ્રકાશમાં તેનું ઉત્પાદન ઘટે છે, પરિણામે ઊંઘનો અભાવ, થાક, માથાનો દુખાવો, તણાવ, ચિંતા જેવી સ્વાસ્થ્યની સમસ્યાઓ થાય છે. તાજેતરનો અભ્યાસ મેલાટોનિનનો ઘટાડો અને કૅન્સર વચ્ચે અનુસંધાન દર્શાવે છે. ખાસ કરીને મનુષ્યોમાં વાદળી (Blue) રંગનો પ્રકાશ મેલાટોનિનનું સ્તર ઘટાડે છે. આ વાદળી પ્રકાશ બ્લૂ લાઇટ સેલફોન, કમ્પ્યૂટર ઉપકરણો તેમજ એલઈડી લાઇટમાં જોવા મળે છે.

પ્રકાશ-પ્રદૂષણ પ્રાણીઓની વર્તણૂકને અસર કરે છે. તેમની સ્થળાંતરની રીત, જાગવાની આદત અને રહેઠાણની રચના પ્રકાશ-પ્રદૂષણને કારણે ગૂંચવાઈ ગઈ છે. દરિયાઈ કાચબા અને કેટલાંક પક્ષીઓ સ્થળાંતર દરમિયાન ચાંદનીથી માર્ગદર્શન મેળવે છે. તેઓ કૃત્રિમ પ્રકાશથી મૂંઝાઈ જાય છે અને માર્ગ પરથી ભટકી જાય છે - ઘણી વાર મૃત્યુ પામે છે. નાના જંતુઓ પક્ષીઓ અને પ્રાણીઓ માટે ખોરાકનો પ્રાથમિક સ્રોત હોય છે. આ નાના જંતુઓ કૃત્રિમ પ્રકાશસ્રોત તરફ આકર્ષાય છે અને સ્રોતના સંપર્કમાં આવતાં જ મૃત્યુ પામે છે. આ જંતુઓ પર નભતાં પક્ષીઓને પણ પરોક્ષ રીતે પ્રકાશ-પ્રદૂષણ અસર કરે છે. જર્મનીમાં એક અભ્યાસમાં જાણવા મળ્યું કે ટ્રાફિકના અવાજ અને પ્રકાશ-પ્રદૂષણને કારણે શહેરમાં રહેતાં પક્ષીઓ પાંચ કલાક વહેલાં જાગી જાય છે.

દિવાળીમાં આખા દેશમાં થોડા દિવસ માટે રોશની કરીએ કે પછી વર્ષ દરમિયાન વ્યક્તિગત રીતે છૂટીછવાઈ રોશની થતી રહે તે લેખકના મતે પ્રકાશ-પ્રદૂષણ નથી. મોટા વિસ્તારમાં અને લાંબા સમય સુધી આકાશ તરફ જતો તેજ પ્રકાશ પ્રદૂષણ કરે છે. મકાનોની બહાર લાઇટ ગોઠવવામાં થોડી સાવધાની રાખવાથી આ સમસ્યાના ઉકેલમાં થોડી મદદ થશે.

**– ચિંતન ભટ્ટ**

*(પૂરક માહિતી - સૌજન્ય : નૅશનલ જિયૉગ્રાફિક સોસાયટી)*

## સાઇબર ફ્રોડનો હાહાકાર
# સાવધાની જ છે સલામતી

દેશમાં ઑનલાઇન આર્થિક છેતરપિંડીનું પ્રમાણ જાન્યુઆરી-૨૦૨૦થી જૂન-૨૦૨૩ના સમયગાળામાં ૫૦ ટકા જેટલું વધી ગયું છે. યુપીઆઈ, ઈ-બૅન્કિંગના આધારે છેતરપિંડીના કિસ્સામાં ચિંતાજનક વધારો થયો છે. સોશિયલ મીડિયામાં લિંક મોકલીને કે વીડિયો કૉલથી આચરાતા ફ્રૉડમાં બે વર્ષમાં ૧૨ ટકાનો વધારો થયો છે. આ અહેવાલ આઈઆઈટી કાનપુરના નિષ્ણાતોએ આપ્યો છે. દુનિયાભરના હૅકર્સ ભારતીય યૂઝર્સને નિશાન બનાવી રહ્યા છે; તે એટલે સુધી કે ભારતની સરકારી એજન્સીઓ પણ હૅકિંગનો શિકાર બને છે.

ભારતની સરકારી એજન્સીઓ પર છેલ્લાં બે-અઢી વર્ષમાં ૯૦ હજાર સાઇબર હુમલા થયા છે અને આ આંકડો કેન્દ્ર-સરકારે રાજ્યસભામાં સત્તાવાર જાહેર કર્યો છે. દેશની સાઇબર સુરક્ષા એજન્સીઓ સક્રિય હોવા છતાં અવારનવાર હૅકર્સ ભારતની સરકારી વેબસાઇટ્સ, એજન્સીઓના સર્વર, કમ્પ્યૂટર્સને નિશાન બનાવે છે. ભારત ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં સૌથી આગળ હોવાથી હૅકર્સનું સૉફ્ટ ટાર્ગેટ છે અને દરરોજ બે લાખ હુમલાનો ખતરો મંડરાતો હોય છે. ગયા વર્ષે દિલ્હીની એઇમ્સ પર ખતરનાક સાઇબર હુમલો થયો હતો ને એઇમ્સના ૫૦ સર્વર અને ૫૦૦૦ કમ્પ્યૂટર્સનો પથારો ધરાવતું વિશાળ નેટવર્ક હૅક થઈ ગયું હતું.

અગાઉ સરકારી કંપની ઑઇલ ઇન્ડિયા લિમિટેડ પર ઑક્ટોબર-૨૦૨૧થી એપ્રિલ-૨૦૨૨ દરમિયાન રેન્સમવેર હુમલા થયા હતા, જેમાં ૫૮ કરોડ રૂપિયાની ખંડણીની માગણી થઈ હતી. ઍર ઇન્ડિયા જ્યારે સરકારના કબજામાં હતી ત્યારે થયેલા સાઇબર ઍટેકમાં ૪૫ લાખ પૅસેન્જર્સનો ડેટા હૅકર્સના હાથમાં જઈ ચડ્યો હતો. કેન્દ્ર-સરકાર હેઠળ કાર્યરત સાઇબર સુરક્ષા એજન્સી ઇન્ડિયન કમ્પ્યૂટર ઇમરજન્સી રિસ્પૉન્સ ટીમ સાઇબર હુમલાનું મૉનિટરિંગ કરે છે અને તેને રોકવા માટે પ્રયાસો કરે છે. આ એજન્સીએ ૨૦૨૦માં ૧૫ તાલીમ પ્રોગ્રામ વર્કશૉપ કર્યા હતા, જેમાં ૭૦૮ અધિકારીઓએ ભાગ લીધો હતો. ૨૦૨૧માં ૧૭ વર્કશૉપ કર્યા હતા, એમાં ભાગ લેનારા સરકારી અધિકારીઓ-કર્મચારીઓ વધીને ૪૮૦૧ થયા હતા, છતાં સરકારી એજન્સીઓ પર થતા સાઇબર હુમલાની સરખામણીએ આ આંકડો બહુ જ નાનો છે. હુમલાનું વધતું પ્રમાણ જોઈને કેન્દ્ર-સરકારે સાઇબર ક્રાઇસિસ મૅનેજમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે.

દેશની ખાનગી કંપનીઓ પાસેથી હૅકર્સ વર્ષે કરોડો રૂપિયા પડાવે છે. થોડા સમય પહેલાં પેમેન્ટ ગેટવે કંપની રેઝરપેના ૮૦૦ જેટલાં ટ્રાન્ઝેક્શનને હૅકર્સે નિશાન બનાવ્યાં હતાં. જેમાં કંપનીને આઠેક કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. તે અગાઉ ૨૦૨૧માં




ઈ-કૉમર્સ કંપનીઓને નિશાન બનાવીને ૧૦ કરોડ ગ્રાહકોનો ડેટા ચોરી લીધાનો દાવો અમેરિકન સાઈબર સિક્યૉરિટી એજન્સીએ કર્યો હતો. ટેક મહિન્દ્રાના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ પર હૅકર્સ ત્રાટક્યા હતા અને એમાં કંપનીને ૩૫ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. મોબિક્વિકના ૧૦ કરોડ યૂઝર્સના સંવેદનશીલ ડેટાની તફડંચી થઈ હતી.

સરકારી વિભાગો અને ખાનગી કંપનીઓને નિશાન બનાવવાના આ સિલસિલા વચ્ચે સામાન્ય નાગરિકો સાથે પણ છેતરપિંડીના બનાવો ચિંતાજનક રીતે વધી ગયા છે. તાજેતરમાં સીબીઆઈએ ઑપરેશન ચક્ર-૨ હાથ ધરીને અનેક રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. ૭૫ જેટલાં સ્થળોએ દરોડા પાડવા ઉપરાંત ઘણા આરોપીઓને પકડી લીધા હતા. ચીની નાગરિકની દોરવણીથી ૧૩૭ જેટલી શેલ કંપનીઓ બની હતી. તેના માધ્યમથી ૩૫૭ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. ભારતના નાગરિકો પાસેથી ઓછા રોકાણમાં મોટું વળતર આપવાના નામે કે પછી ઘરે બેઠા કામ કરવાના બહાને ડિપૉઝિટ વસૂલવામાં આવે છે. કેટલાક કિસ્સામાં તો સોશિયલ મીડિયામાં લાઈક્સ કે કમેન્ટ જેવું સાધારણ કામ કરવાના બદલામાં શરૂઆતમાં ચુકવણું પણ થાય છે ને પછી વધુ વળતર માટે લાલચની જાળ બિછાવીને એકાઉન્ટમાંથી બધી જ રકમ ખાલી કરી દેવામાં આવે છે. વિવિધ ચીજવસ્તુઓનું ખરીદ-વેચાણ કરતાં ઑનલાઈન પ્લૅટફૉર્મના માધ્યમથી ગ્રાહકનો સંપર્ક કરીનેય છેતરપિંડી થાય છે.

***

સામાન્ય નાગરિકો સાથે મુખ્યત્વે આ તરકીબોથી ફ્રૉડ થાય છે :

**ઓટીપી** : વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) મોબાઈલમાં કે ઈ-મેઈલમાં આવે છે. સ્કેમર્સ ટ્રિક કરીને યૂઝર્સ પાસેથી ઓટીપી મેળવી લે છે. સામાન્ય રીતે બૅંકના કર્મચારી તરીકે કે ટૅક્સ એજન્ટ અથવા વીમા કંપનીઓના કર્મચારી હોવાની ઓળખ આપીને સ્કેમર્સ ફોન કરે છે. તેની પાસે બૅંકની નામ-એકાઉન્ટ નંબર સહિતની વિગતો હોય છે એટલે રકમનાં ટ્રાન્ઝેક્શન માટે માત્ર ઓટીપીની જરૂર પડે છે, જે રજિસ્ટર નંબરમાં

જ આવે છે. એજન્ટ કે કર્મચારી બનીને સ્કેમર ઓટીપી મેળવે એટલે કામ પૂરું થઈ જાય. અજાણ્યા લોકોને ઓટીપી શેર કરવું સલાહભર્યું નથી.

**યુપીઆઈ રિક્વેસ્ટ** : સ્કેમર્સ યુપીઆઈ પેમેન્ટ રિક્વેસ્ટ મોકલે છે. એવું કહેવામાં આવે છે કે તમે કોઈ સ્પર્ધા જીત્યા છો અને અમે એનું પેમેન્ટ કરીએ છીએ. આવેલી લિંકને માન્યતા આપો એટલે તમારા એકાઉન્ટમાં રકમ આવી જશે. અથવા તો કોઈ ચીજવસ્તુ તમે ઑનલાઇન પ્લૅટફૉર્મમાંથી ખરીદવા-વેચવા માગો છો તો એના પેમેન્ટ માટે કહેવામાં આવે છે. પરંતુ એવી થર્ડ પાર્ટી પ્લૅટફૉર્મ પરથી આવતી રિક્વેસ્ટને સ્વીકારવી ન જોઈએ. ઑથેન્ટિક પ્લૅટફૉર્મથી જ પેમેન્ટ કરવું હિતાવહ છે. મેઇલ કે મૅસેન્જર એપમાં આવતી આવી યુપીઆઈ રિક્વેસ્ટ તરફ ધ્યાન ન આપવું.

**કેવાયસી અપડેટ** : બૅંક એકાઉન્ટ્સ, કાર-બાઇક પૉલિસી, વીમા પૉલિસીમાં અમુક દસ્તાવેજો ખૂટે છે. કેવાયસી અપડેટ કરવું પડશે એવો ફોન આવે છે. એમાં જો ફસાયા તો સ્કેમર્સ ફાવી જાય છે. ડૉક્યુમેન્ટ્સ ઉપરાંત કેવાયસી માટે એક ઓટીપી આવશે એ શેર કરવાનું કહેવામાં આવે છે. જેવો ઓટીપી શેર થાય કે એકાઉન્ટ્સમાંથી તુરંત પૈસા અન્ય ટ્રાન્સફર થઈ જાય છે. એકમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ ફટાફટ એકાઉન્ટ્સમાં રકમ ફરી જાય છે, જે પોલીસ ફરિયાદ પછી પણ પાછી આવે એવી શક્યતા ઓછી છે.

**બૅંક એકાઉન્ટ ડિઍક્ટિવેટ** : ઘણી વખત એકદમ ઑથેન્ટિક લાગે એવા નંબર પરથી કૉલ આવે છે કે તમારું બૅંક એકાઉન્ટ અમુક કારણોથી બંધ થઈ રહ્યું છે. જો તમે એકાઉન્ટ સક્રિય રાખવા ઇચ્છતા હોય તો તમારી વિગતો આપો. ખાસ તો મોબાઇલ નંબર, નામ, એકાઉન્ટ નંબર વગેરે... એકાઉન્ટધારકને ચિંતા થાય છે એટલે એ વિગતો શેર કરી દે છે. સ્કેમર્સ નકલી લિંક મોકલે છે અને એમાં એક પછી એક વિગતો ભરીને ઓકે કરવાનું જણાવે છે. બરાબર એ જ સમયગાળામાં બૅંકમાંથી પેમેન્ટ કરવાની સહમતી મેળવી લે છે.

આવી જ રીતે લાઇટબિલ, મોબાઇલ બિલ, ગૅસ બિલ, ક્રેડિટ કાર્ડ બિલ, પૉલિસીનું ઇન્સ્ટોલમેન્ટ વગેરેના નામે ફોન, મૅસેજ કે ઈ-મેઇલ આવે છે ને જરાક સાવધાની હટી કે એકાઉન્ટ ખાલી થઈ જાય છે.

આવું ન થાય તે માટે ડિજિટલ અવેરનેસ જરૂરી છે. અધિકૃત ન હોય એવી વેબસાઇટ ન ખોલવી કે એમાં આપેલી વિગતો ભરવી નહીં. વેબસાઇટનું ડોમેઇન ચેક કરવું ને કંઈ ગરબડ લાગે તો તુરંત વેબપેજ છોડી દેવું. અજાણ્યા નંબરમાંથી આવતા ફોન, મૅસેજથી સાવધાન રહેવું. ખાસ તો એક પણ બાબત માટે ઓટીપી ક્યારેય શેર ન કરવો. ઈ-મેઇલમાં ગમે તેટલી લોભામણી જાહેરાત હોય કે ઇનામ જીતવાનો દાવો હોય - ઈ-મેઇલ ઍડ્રેસ અજાણ્યું લાગે તો લિંક પર ક્લિક કરવાથી બચવું. ક્રેડિટ કાર્ડનો ઓટીપી, ડેબિટ કાર્ડનો પીન, યુપીઆઈ પીન ક્યારેય અજાણી વ્યક્તિને ફોનમાં શેર ન કરવો. મોબાઇલમાં હૅકિંગનો ખતરો હોય તો તુરંત સાવધાન થઈને એક્સપર્ટ પાસે ચેક કરાવવો. સાવધાની જ સલામતી છે.

**- હર્ષ મેસવાણિયા**

# ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ



તુંગનાથ ચતુર્વેદી

ભારત આજે અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે અને એમાંનો એક મોટો પડકાર છે કોર્ટમાં થયેલો કેસોનો ભરાવો. આશરે પાંચ કરોડ કેસનો અદાલતમાં ભરાવો થઈ ગયો છે. મુખ્ય ન્યાયમૂર્તિ અને કાયદા-મંત્રીની ચિંતા એ છે કે આને લીધે ન્યાય મેળવવામાં એટલો વિલંબ થાય છે કે લોકોમાં ન્યાયતંત્ર પર મૂકેલો વિશ્વાસ ડગમગવા લાગે છે, તો સામે પક્ષે જેટલા કેસનો નિકાલ થાય છે, તેનાથી વધુ કેસ અદાલતમાં દાખલ થાય છે. આવી પરિસ્થિતિમાં બાવીસ વર્ષને અંતે કેસમાં જીત મેળવનાર વકીલ એમ કહે છે કે, 'કાનૂન કે ઘર દેર હૈ, અંધેર નહીં' ત્યારે આશ્ચર્ય થયા વિના ન રહે.

વાત છે તુંગનાથ ચતુર્વેદીની. મથુરાની ગલી પીરપંચમાં રહેતા તુંગનાથ ચતુર્વેદી વ્યવસાયે વકીલ છે. ૧૯૯૯ની ૨૫મી ડિસેમ્બરે તેઓને મુરાદાબાદ જવાનું થયું, ત્યારે મથુરા કૅન્ટ રેલવેસ્ટેશન પરથી મુરાદાબાદની બે ટિકિટ ખરીદી. એક ટિકિટના પાંત્રીસ રૂપિયા લેખે એમને સિત્તેર રૂપિયા આપવાના હતા, પરંતુ ટિકિટ કાઉન્ટર પર ઉપસ્થિત બુકિંગ ક્લાર્કે એમની પાસે વીસ રૂપિયા વધારે માગ્યા. તુંગનાથે એકસો રૂપિયા આપ્યા, તેની સામે એણે ત્રીસ રૂપિયા પાછા આપવાને બદલે માત્ર દસ જ રૂપિયા પાછા આપ્યા. તુંગનાથે એને બીજા વીસ રૂપિયા પાછા આપવાનું કહ્યું, પરંતુ એણે આનાકાની કરી. સામસામે ઘણી ચર્ચા અને રકઝક ચાલી. આ સમય દરમિયાન સ્ટેશન પર ટ્રેન આવી ગઈ, તેથી તુંગનાથે એ વીસ રૂપિયા છોડીને ટ્રેનમાં બેસી જવું પડ્યું.

તુંગનાથ ચતુર્વેદી ટ્રેનમાં બેસી ગયા, પરંતુ તે ઘટના વિશે વિચારતા રહ્યા. તેને લાગ્યું કે કોઈ પણ મુસાફર પાસેથી આવી ખોટી રીતે પૈસા કઈ રીતે લઈ શકાય. આ તો ખરેખરો ભ્રષ્ટાચાર જ છે. ઘણા લોકો વિચારે કે વીસ રૂપિયા જેવી નજીવી રકમનું શું મૂલ્ય ? વીસ રૂપિયા તો ચા-પાણીમાં આમ વપરાઈ જાય. કોઈ સારો આઇસક્રીમ પણ વીસ રૂપિયામાં ન આવે કે રેસ્ટોરન્ટમાં વેઇટરને ટીપમાં આનાથી વધારે પૈસા મળતા હશે, પરંતુ તુંગનાથ માટે પ્રશ્ન વીસ રૂપિયાનો નહોતો. તેમને થતું હતું કે એમના હકના પૈસા એમને પાછા મળવા જોઈએ, જે ન મળ્યા. તેમનું સ્વાભિમાન ઘવાયું. એમણે ઘણા વિચારને અંતે આ અંગે ન્યાય મેળવવાનું નક્કી કર્યું. તુંગનાથ ચતુર્વેદી મથુરા કૅન્ટના સ્ટેશનમાસ્તરને મળ્યા અને જે ઘટના બની હતી તેની વાત કરી, પરંતુ એમણે ખાસ કોઈ પ્રતિક્રિયા ન આપી કે ન કોઈ મદદ કરી.

છેવટે તુંગનાથ ચતુર્વેદીએ કન્ઝ્યુમર ફોરમમાં ઉત્તર-પૂર્વ રેલવે(ગોરખપુર)ના મહાપ્રબંધક, મથુરા કૅન્ટ રેલવેસ્ટેશનના સ્ટેશનમાસ્તર અને મથુરા કૅન્ટ રેલવેસ્ટેશનના બુકિંગ ક્લાર્કની વિરુદ્ધમાં ફરિયાદ કરી. તુંગનાથ વકીલ હોવાથી એને ખ્યાલ હતો કે ભારતમાં ન્યાયપ્રક્રિયા ઘણી ધીમી છે. ઘણી વાર તો એવા સમયે ન્યાય મળે કે જેનો કોઈ અર્થ જ ન રહ્યો હોય. આ કેસ લડવામાં એમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. કોઈ વાર સામેનો પક્ષ હાજર ન રહે. તો ક્યારેક જજ ગેરહાજર હોય. કોર્ટમાં રજા પડે તો ક્યારેક વકીલોની હડતાળ પડે. આ કેસમાં આશરે એકસોથી વધુ વખત સુનાવણી થઈ. એક તબક્કો એવો આવ્યો કે કોર્ટે કહ્યું કે આ કેસ રેલવે ટ્રિબ્યૂનલમાં લઈ જાઓ. એની સામે તુંગનાથે સુપ્રીમ કોર્ટના રેફરન્સ રજૂ કરીને કહ્યું કે મુસાફરી દરમિયાન કંઈ થયું હોય તો તેને માટે રેલવે ટ્રિબ્યૂનલમાં કેસ લડી શકાય, પરંતુ આ તો ગ્રાહક સુરક્ષાની જ વાત હોવાથી કન્ઝ્યુમર કોર્ટમાં જ આ કેસ લડવો જોઈએ.

આવી મુશ્કેલીઓની વચ્ચે પરિવારજનો પણ ઘણી વખત તુંગનાથ ચતુર્વેદીને આ કેસ છોડી દેવા સમજાવતા હતા, પરંતુ તેઓ મક્કમ રહ્યા. નાનપણથી જ સત્ય અને ન્યાયપ્રિયતા એમના લોહીમાં વણાયેલાં હતાં. આટલી લાંબી લડાઈમાં ક્યારેક કોઈ વ્યક્તિ થાકી-હારીને કેસ માંડવાળ કરી નાખે, પરંતુ તેઓ નોખી માટીના છે. પોતે વકીલ હોવાથી કોર્ટમાં આવવા-જવાનો કોઈ અલગથી ખર્ચ નહોતો કરવાનો અને તેમને વિશ્વાસ હતો કે તેઓ જીતશે જ. તેમનો નિરધાર હતો કે ભલે ગમે તેટલી લાંબી લડાઈ લડવી પડે, તોપણ તેઓ પીછેહઠ નહીં કરે.

અદાલતનો ચુકાદો આવતાં બાવીસ વર્ષ લાગ્યાં. ૨૦૨૨ની પાંચમી ઑગસ્ટે અદાલતે તુંગનાથની તરફેણમાં ચુકાદો આપીને જણાવ્યું કે વીસ રૂપિયાનું વાર્ષિક બાર ટકા લેખે વ્યાજ સાથે રકમ આપવી તેમજ માનસિક અને આર્થિક ખર્ચ ગણીને કુલ પંદર હજાર રૂપિયા ચૂકવવા. આ ચુકાદાના એક મહિનાની અંદર જો આ રકમ ચૂકવવામાં ન આવે તો પંદર ટકા વ્યાજ લેખે તેની ગણતરી કરવામાં આવશે. જે સમયે તુંગનાથે આ કેસ કર્યો, ત્યારે તેમની ઉંમર પિસ્તાળીસ વર્ષની હતી. આજે તેઓ ૬૭ વર્ષના છે. તેઓ કહે છે કે આ કેસ પાછળ ખર્ચાયેલ શક્તિ અને સમયનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. ભ્રષ્ટાચારની રકમ વીસ રૂપિયા હોય કે એક લાખ, ભ્રષ્ટાચાર તે ભ્રષ્ટાચાર જ છે. મેં ક્યારેય પૈસાની ઇચ્છા રાખી નથી. આ કેસમાં જે પૈસા મળશે, તે પ્રધાનમંત્રી રાહત કોશમાં તેઓ આપી દેવાના છે. આ ચુકાદાની સામે રેલવે અપીલમાં જશે તો તેઓ હજી કેસ લડવા તૈયાર છે. ન્યાયથી ઓછું એમને કંઈ મંજૂર નથી. તેઓ પોતાની વાત સમજાવતાં કહે છે કે પ્રશ્ન વીસ રૂપિયાનો નથી. ભ્રષ્ટાચાર કોઈ એક વ્યક્તિ ખતમ નહીં કરી શકે, પરંતુ કોઈકે શરૂઆત તો કરવી પડશે ને ? મારી લડાઈથી એક પણ વ્યક્તિ ન્યાય પ્રત્યે જાગૃત થશે અને ગમે તેટલો મુશ્કેલ લાગતો કેસ પણ છોડી દેવાની જરૂર નથી એવી અન્ય લોકોને પ્રેરણા મળશે, તો હું માનીશ કે મને સાચા અર્થમાં ન્યાય મળ્યો છે.

**- પ્રીતિ શાહ**

પ્રકલ્પ

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૪૧) ડૉ. તેજસ પટેલ :** જેઓ વિશ્વવિખ્યાત કાર્ડિયોલૉજિસ્ટ છે અને જેમણે પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજ પર હૃદયની અઘરામાં અઘરી સર્જરી એનેસ્થેસિયા આપ્યા વગર અડધા કલાકમાં તેઓની ૮૮ વર્ષની ઉંમરે સહજતાથી કરી તેવા પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ સાથેનો સંવાદ સ્મરણીય રહ્યો. આવો, તેની ઝલક મેળવીએ.

મારા પિતા ફિઝિશિયન હતા અને હું પાંચ વર્ષનો હતો ત્યારે મારી માતાનું અકાળે અવસાન થયું, ત્યારે મારી નાની બહેન છ મહિનાની હતી. મારા પિતાએ અમારા અભ્યાસ પર પૂરું ધ્યાન આપ્યું. ખાસ કરીને મારા અભ્યાસમાં. એમણે ફરી વખત લગ્ન પણ કર્યાં નહીં. હું મોસાળમાં મોટો થયો, મારાં નાના-નાની અને મામા-મામી સાથે, પણ મારું ભણવાનું અને માનસિક રીતે મજબૂત બનાવવાનું કામ મારા પિતાએ કર્યું. તેઓ MD medicine તરીકે પ્રૅક્ટિસ કરતા હતા અને હું ૯૭માં પ્રૅક્ટિસમાં આવ્યો તે દિવસથી તો એમણે સાવ જ છોડી દીધું, કારણ કે આધ્યાત્મિકતા તરફ તો તેઓ ક્યારના વળી ગયેલા હતા. મારા પિતા ખૂબ મહેનત કરાવતા હતા અને ઘણી વખત તો આપણને દબાણ લાગે એટલી હદે કરાવતા. પણ એ વખતે એમનું એક જ કહેવું હતું કે, 'ભાઈ, તમે એક જ વસ્તુમાં ચૅમ્પિયન થઈ શકો. એક ઉદાહરણ આપું કે નાનપણમાં અમે મોસાળમાં ફ્લૅટમાં રહેતા હતા, તો મિત્રો સાથે ક્રિકેટ રમતો હોઉં ને ભૂલમાં આવે ને જુએ, તો બોલાવીને મને ખખડાવતા હતા. મને કહે કે, 'ક્રિકેટ કેમ રમો છો ? ભણો. .. ઇન્ડિયાની ક્રિકેટ ટીમમાં ખાલી ૧૧ જ પ્લેયરો છે. એટલે તું ગેરી સોબર્સ કે સુનિલ ગાવસ્કર કે ડોન બ્રેડમેન થવાનો હોય તો તું ક્રિકેટ રમ, બાકી આ નહીં ચાલે. આમાં કોઈ તક નથી એટલે ભણવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરો અને એવી કક્ષાએ પહોંચો કે, જેથી તમારે કોઈની પાસે હાથ ફેલાવવાનો ના રહે. તમારા કામને લઈને જ દર્દીઓ તમારી પાસે આવે. ડૉક્ટર બનવાનું તો નક્કી જ.' અને દસમા ધોરણમાં હું આવ્યો. દસમા ધોરણની પરીક્ષામાં હું ઉત્તીર્ણ થયો એ સમયે ગુજરાતમાં પહેલા કાર્ડિયોલૉજિસ્ટ દિલ્હીથી પાસ થઈને આવ્યા હતા, એની જાહેરાત આવી હતી તે સમયે ભારતમાં ૧૨-૧૫ સીટો જ હતી.

ભણવામાં સ્કૂલમાં બીજો નંબર આવે તોપણ બીક લાગે, કારણ કે એ ધમકાવતા હતા. અત્યારે પણ મને હસવું આવે છે કે દસમામાં બોર્ડમાં મારો છઠ્ઠો નંબર હતો, એટલે મને તો એમ કે આજે તો બહુ ખુશ થશે તેને બદલે મને કહે કે આપણો પહેલો નંબર કેમ ન આવ્યો ? ફાઈનલ MBBS માં હું યુનિવર્સિટી ફર્સ્ટ હતો. ૭૨ % એટલે બહુ જ હાઈ સ્કોર હતો એ જમાનામાં... this is way back in ૧૯૮૫ ફાઈનલ MBBS એટલે કહે કે આપણા ૭૫ % કેમ ન આવ્યા ? so he used to be constantly after being me એટલે એ વખતે મને ખરાબ લાગતું હતું કે કેમ એવું કરે છે ?

જીવનમાં તબીબી પ્રૅક્ટિસમાં પણ બહુ પ્રેશર આવે જ. આપને નવાઈ લાગશે, મારા ઉપર કેટલું પ્રેશર હશે જ્યારે પ્રમુખસ્વામીની ઉંમર ૮૮ વર્ષની હતી અને અત્યંત બીમાર હતા. તેઓને પેસમેકર મૂકવાનું હતું ત્યારે આખી દુનિયાની નજર હતી. અમેરિકા અને અન્ય દેશોના એમના હરિભક્તો કહે કે અહીંયાં લઈ આવો, પણ સ્વામીએ સ્પષ્ટ કહ્યું કે, 'તેજસ અને એની ટીમ જ કરશે.' બીજું કે એમનામાં એનેસ્થેસિયા પણ અપાય એવું હતું નહીં, કારણ કે એ ઉંમરે આટલી બધી તકલીફો અને બાયપાસ થઈ ગયેલું ને ઘણી બધી મુશ્કેલી હતી. એનેસ્થેસિયામાંથી બહાર ન આવે તો શું ? એટલે આ બાબતની પણ મેં સ્વામી સાથે ચર્ચા કરી હતી કે, 'આ ઘણું કપરું કામ છે.' હા, એ કહું કે મારા પિતા એમના ચુસ્ત અનુયાયી હતા અને ઘણા બધા સંતોની હું સારવાર કરતો હતો, પણ મારી રોજ મંદિરે અવરજવર કે એવું કશું નહીં. હું આધ્યાત્મિક છું, પણ હજુ હું એવો ધાર્મિક નથી. કારણ કે સાચું કહું તો તમે કોઈ પણ ક્ષેત્રમાં જાઓ અને તમે એને ન્યાય આપી ના શકો ત્યાં સુધી તમારે એ ક્ષેત્રમાં જવાની જરૂર નથી. એ વખતે એમણે કહ્યું કે, 'મને કશું નહીં થાય, તું તારે કર ને..' અને બધા ટેન્શનમાં, પણ એક વાત કહું કે, બાપાએ ક્યારેય હુંકારો કર્યો નથી. જે પણ દુઃખ હતું તે એમના આત્મા સુધી પહોંચતું જ નહોતું. એમના શરીરને અડીને નીકળી જતું હોય એવું મેં અનુભવ્યું. ખરેખર શરીર, મન અને આત્મા એ ત્રણેયને એ જુદા પાડી શકતા હતા. તે ખરેખર એક દિવ્ય અનુભવ હતો. તે સમયે વિશ્વભરમાંથી અનેક ચાહકો આવ્યા હતા. પ્રેશર એટલું બધું કે સ્વામીને હૉસ્પિટલમાં તો રખાય એમ જ ન હતું. એટલે એમના માટે ICU અને અન્ય સગવડ BAPS મંદિરમાં જ તૈયાર કરેલાં હતાં. પછી સ્વામીને બેસાડીને એમની સ્પેશિયલ કાર કેડીલેકમાં આગળ બેસાડી દીધા. સ્વામી ગૉગલ્સ પહેરીને બેઠા હતા. હું પણ એમની સાથે બેઠો હતો અને ગાડીમાં અમે લોકો અડધા કલાકમાં પાછા તેમને ત્યાં લઈ આવ્યા. ઘણા લોકોને એમ થયું કે આ કેવળ તપાસ કરીને પાછા આવ્યા છે. એટલે પેસમેકરની પ્રક્રિયા સિવાય એમને હૉસ્પિટલમાં રાખ્યા જ નથી, સીધા જ એમના રૂમમાં લાવી દીધા. પછી અમે બે દિવસ ત્યાં રહ્યા. આ તો બહુ રોમાંચક ઘટના છે. આ ઘણું જોખમી હતું પણ મારે એમની ઈચ્છાને માન આપવું હતું એટલે મેં આટલું જોખમ ઉઠાવ્યું.



**(૪૨) શ્રી ચિંતન પરીખ :**

આપણાં મૅનેજમેન્ટ ક્ષેત્રમાં મલ્ટિટાસ્કિંગ શબ્દ તો થોડાં વર્ષો પહેલાં આવ્યો, પણ શ્રી ચિંતન પરીખ જીવનના પ્રત્યેક તબક્કે મલ્ટિટાસ્કર રહ્યા છે. તેઓએ વર્ષો પહેલાં તેમાં નિપુણતા મેળવી લીધી અને ફલતઃ તેઓશ્રી સ્ટુડિયોમાં આમંત્રિત હતા. કયું ક્ષેત્ર એવું છે કે તેને ચિંતનભાઈ ખેડી ન ચૂક્યા હોય ! ચાલો, તેમને માણીએ :

મને વાંચનનો નાનપણથી ચસકો લાગ્યો અને ફાયદો પણ થયો. અત્યારે મને પોતાને પણ થોડું આશ્ચર્યજનક લાગે છે કે 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'જય સોમનાથ' આ બધાં પુસ્તકો મેં છઠ્ઠા ધોરણમાં વાંચી લીધેલાં, કારણ કે બીજું કંઈ કામ નહીં એટલે હું બેસીને વાંચ્યા જ કરું. મારા ઘરમાં એક ખૂણો હતો. ઘરમાં બધાને ખબર હોય કે ચિંતન ક્યાં છે ? જમવાનો સમય થયો છે, એવું કહે ત્યારે મારી મમ્મીને એ ખૂણામાંથી હું મળું. મારાં પપ્પા-મમ્મીએ મને કહેવું પડે કે, 'ભાઈ, તારે આટલું બધું ભણવાની જરૂર નથી' એના ભાગ રૂપે નવ વર્ષની ઉંમરનો હતો ત્યારે સરદાર પટેલ સ્ટેડિયમની બાજુમાં ગુજરાત સ્ટેટ ઍસોસિયેશન દ્વારા ટેનિસ કૉર્ટ થયેલ તેમાં મને મૂક્યો અને મને કહ્યું કે, રોજ સાંજે પાંચ વાગ્યે થોડું રિલેક્સ થવા પણ તારે રમવું. એ નવ વર્ષની ઉંમરે જે ટેનિસનું રૅકેટ પકડ્યું એ હજુ આજ દિવસ સુધી છૂટ્યું નથી. ટેનિસ ખૂબ રમ્યા. વૅકેશનમાં તો સાડા ત્રણ વાગ્યે પહોંચી જઈએ. એ વખતે ગાયના છાણના કૉર્ટ્સ હતા, સિન્થેટિક કૉર્ટ્સ તો હતા નહીં. મોંઘામાં મોંઘા ટેનિસ બૉલ ૮ રૂપિયાના આવે અને અમે સાડા ત્રણ રૂપિયા મહિને ભરીએ એટલે અમને ત્યાંથી ટેનિસ બૉલ મળે અને અમારે રમવાનું. સાડા ત્રણ વાગ્યે તો કૉર્ટ ઉપર ચાલો તો બૂટની અંદરથી પગના તળિયે દઝાય. પણ એ એક ચસકો હતો જે ચાલુ રહ્યો, પછી તો સ્ટેટ લેવલ ચૅમ્પિયન થયો. કૉલેજના ચારેય વર્ષ મેં કૅપ્ટન તરીકે ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું. આજે પણ ૩૬૫ દિવસ હું ટેનિસ રમ્યા કરું છું.

મારા જીવનમાં નિરંજન ભગતસાહેબે બહુ આત્મીય સ્થાન જમાવ્યું. ભગતસાહેબને હું સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણતો હતો, ત્યારે થોડીઘણી વાર મળ્યો હતો. મને થયું કે સાહેબ, તમે બધી વાતો કરો છો, મારે લંબાણથી સાંભળવું છે, તો મને કહે, 'તમે ઘરે આવો.' મેં કહ્યું, 'ચોક્કસ.' પછી બે-ત્રણ વાર ઘરે મળ્યા પછી એમને બહુ ફાવી ગયું.. પછી લગભગ ૧૯૮૩થી એમણે કહ્યું કે હવે મારા માટે શુક્રવાર એ શુક્રવાર નથી પણ એ 'ચિંતનવાર' છે, એટલે દર શુક્રવારે અમે નક્કી કર્યું કે સાડા સાત-આઠની વચ્ચે મારી ગાડી એમને જલદર્શન ફ્લૅટ પર લેવા જાય અને ભગતસાહેબ આવે. એ વખતે અમારા ઘરનું વાતાવરણ અમે એવું રાખેલું કે અમે કોઈને નિમંત્રણ આપતા

નહોતા પણ it was like open house બધાને ખબર કે શુક્રવારે સાહેબ ચિંતનભાઈને ત્યાં હશે અને બેઠક જામી હશે. ભગતસાહેબ આવે પછી ખબર પડે કે એમની સાથે કોણ આવ્યું છે. કોઈ દિવસ બોદલેર તો કોઈ દિવસ સાફો આવ્યા હોય અને કોઈ દિવસ મીરાં સાહેબની વાણીમાં બેસીને આવે. મીરાં આવ્યાં હોય તે દિવસે તમારે ૧૨ વાગ્યા સુધીની તૈયારી રાખવાની. પછી તો આત્મીયતા વધતી ગઈ, તેમ તેમ સાહિત્ય ઉપરાંત જાતજાતની વાતો ચાલે. ક્યારેક શિક્ષણની વાત નીકળે તો ક્યારેક રાજકારણની. કંઈક જુદો બનાવ બન્યો હોય, અખબારમાં કોઈ ઘટના અંગે વિવાદ ચાલતો હોય એની વાત નીકળે. ક્યારેક જોરદાર દલીલો થાય અને સાહેબ તો ગુસ્સે થઈ જાય. છેલ્લે હસી રમીને છૂટા પડવાનું, પણ એ અદ્‌ભુત સમય હતો અને દર શુક્રવારે બધા રાહ જોતા હોય કે હવે સાહેબ આવશે અને પછી શું ટૉપિક નીકળે છે જોઈએ.

અમારાં બાળકોને પણ મજા આવે. તેઓ પૅરિસ ગયેલા, મહિનો બધે ફરેલા. પછી મેં કહ્યું કે, 'સાહેબ, અમારે જવું છે તો અમને જરા ગાઈડ કરો,' શેફાલી કહે : 'સાહેબ, તમે જ ચાલો ને અમારી સાથે..' અને અમે સાહેબ સાથે પરદેશ ગયા. આખું પૅરિસ પગે ચાલતાં ખૂંદી વળીએ. તેમને આંગળીના વેઢે હોય કે અહીંયાં આગળ પિકાસોનું પ્રાઈવેટ કલેક્શન મ્યુઝિયમ છે, અહીંયાં આગળ રેસ્ટોરન્ટ છે, ત્યાં આગળ ફલાણા ફલાણા ચિત્રકારો ભેગા થતા હતા, ત્યાં આવા બનાવો બનેલા.. વિદેશમાં ફર્યા. મને લાગે છે કે મીરાં વિશેના ભારતના સૌથી મોટા સ્કૉલર નિરંજન ભગત હતા. નરસિંહ મહેતાનો પણ એટલો જ ઊંડો અભ્યાસ. મીરાં અને નરસિંહ મહેતાથી શરૂ કરી અને સુન્દરમ્, ઉમાશંકરથી રાજેન્દ્ર શાહ સુધી અને પેલી બાજુ બોદલેર સુધી, કાફ્કાથી માંડીને સાફો સુધી એટલો વિશાળ એમનો વ્યાપ હતો.

છેલ્લાં થોડાં વર્ષોમાં સાહેબને મેં એક ચસકો લગાડેલો. મને ચલચિત્રોનો બહુ શોખ. એમાં વિશ્વના જે વિખ્યાત ડાયરેક્ટર્સ હોય એનાં ચલચિત્રો લાવતો. ૧૯૨૬થી શરૂ કરીને ૨૦૨૩ સુધીનાં ચલચિત્રો હોય. એટલે કોરોસોવાથી શરૂ કરીને અત્યારે મૉડર્ન માઈકલ હેનીકે સુધીના ઍવૉર્ડ વિનિંગ લગભગ ૨૪-૨૫ ભાષાનાં ચલચિત્રો હું ભેગાં કરતો ગયો અને અત્યારે મારા પ્રાઈવેટ કલેક્શનમાં એ આંકડો લગભગ ૪૦૦૦એ પહોંચ્યો છે. દરેક ચલચિત્રમાં નીચે સબટાઈટલ હોય. સાહેબને મજા આવે. મેં કહ્યું, 'સાહેબ, આપણે અઠવાડિયે એક પિક્ચર જોવું.' બધા ભેગા થઈને એક પસંદ કર્યું હોય કે સાહેબ, આજે આ સરસ છે, આજે આ સ્વીડિશ મૂવી છે, આજે જાપાનીશ મૂવી છે, સ્પૅનિશ મૂવી, ફ્રેન્ચ મૂવી છે.. નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટમાં હું ટ્રસ્ટી છું. જેમાં એક વિચાર એવો આવ્યો કે 'નિરંજન કાફે' શરૂ કરીએ. બીજી પ્રવૃત્તિની સાથે આ ચલચિત્રોનું આપણે ચાલુ રાખવું જોઈએ. એટલે અત્યારે અમદાવાદ યુનિવર્સિટીના ઑડિટોરિયમમાં દર બીજા અને ચોથા શુક્રવારે આ ચિત્રો અમે બતાવીએ છીએ. આ ચલચિત્રોના રસિકો ઘણા છે. વર્ષનું કૅલેન્ડર બની જાય અને દર વખતે એક નવું ચલચિત્ર હોય.

**– ભદ્રાયુ વછરાજાની**

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૮ નવેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી તેજસ પટેલ (સમયમર્યાદા : ૧ કલાક, ૪૨ મિનિટ)

◈ **૨૨ નવેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી ચિંતન પરીખ (સમયમર્યાદા : ૧ કલાક, ૩૩ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૮ નવેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : જ્યુથિકા રૉયની ડૉક્યુમેન્ટરીની પ્રસ્તુતિ (સમયમર્યાદા : ૨૭ મિનિટ)
પ્રાસ્તાવિક : ઉર્વીશ કોઠારી ◈ સહયોગ : રજનીકુમાર પંડ્યા

## વિદુષી શ્રી દક્ષાબહેન પટ્ટણી સ્મૃતિવ્યાખ્યાન

◈ **૨૯ નવેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : ૨૧મી સદી માટે ગાંધીચિંતન

વક્તા : વિદ્યુત જોશી

### આસ્વાદ

◈ **૨૬ નવેમ્બર, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'ગરબા : સમાજમાં અને સાહિત્યમાં' (દૃશ્ય-શ્રાવ્ય નિદર્શન સાથે) વિશે ભારતીય સંસ્કૃતિનાં પ્રાધ્યાપક અને ગુજરાતના લોકનૃત્યનાં રસજ્ઞ શ્રી ઉત્પલા દેસાઈ વક્તવ્ય આપશે.

### આપણો વારસો

गुणवज्जनसंसर्गाद् याति स्वल्पोऽपि गौरवम् ।
पुष्पमालानुषङ्गेन सूत्रं शिरसि धार्यते ॥

ગુણવાન માણસના સંસર્ગથી ખૂબ જ નાની વ્યક્તિ ગૌરવ પામે છે. પુષ્પમાળાના સંગથી સૂત્ર(દોરો)ને મસ્તક ઉપર ધારણ કરવામાં આવે છે.

# હવે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મૂલ્યવાન ગ્રંથો

## ઈ-બુક્સ રૂપે ઉપલબ્ધ

◈ ‘ગુજરાતી રંગભૂમિ રિદ્ધિ અને રોનક’- સંપા. મહેશ ચોકસી, ધીરેન્દ્ર સોમાણી; ◈ ‘લિપિ’ - ભારતી શેલત; ◈ ‘કેટલાક સાહિત્યિક વિવાદો’ - ધીરુભાઈ ઠાકર; ◈ ‘આપણી મોંઘેરી ધરોહર’ - અરુણ ઠાકર; ◈ ‘વિશ્વનું શિલ્પ સ્થાપત્ય’ - થોમસ પરમાર; ◈ ‘શહીદ વિનોદ કિનારીવાલા’ - બિપિન જેઠાલાલ સાંગણકર; ◈ ‘મેઘનાદ સહા’ - પી. સી. પટેલ; ◈ ‘મોલ ભરેલું ખેતર’ - મણિલાલ હ. પટેલ; ◈ ‘મેધાવી મૂલ્યનિષ્ઠ વિજ્ઞાની સર સી. વી. રામન’ - પી. સી. પટેલ; ◈ ‘તરસ્યા મલકનો મેઘ’ - મણિલાલ હ. પટેલ; ◈ ‘મેઘાણીચરિત’ - કનુભાઈ જાની; ◈ ‘વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ’ - પી. સી. પટેલ; ◈ ‘હસ્તપ્રતવિજ્ઞાન’ - જયન્ત પ્રે. ઠાકર; ◈ ‘ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો : માહિતીકોશ’ - સંપા. જ. ર. શુક્લ; ◈ ‘જ્ઞાનાંજન-૧’ - સંપા. પ્રીતિ શાહ; ◈ ‘જ્ઞાનાંજન-૨’ - સંપા. પ્રીતિ શાહ; ◈ ‘સંસ્કૃતિ સૂચિ ભાગ-૧’ - સંપા. તોરલ પટેલ, શ્રદ્ધા ત્રિવેદી; ◈ ‘સત્યની મુખોમુખ’ - અનુ. ધીરુભાઈ ઠાકર; ◈ ‘વિશ્વકોશ વિમર્શ’ - પ્રીતિ શાહ; ◈ ‘સવ્યસાચીનો શબ્દવેધ’ - સંપા. પ્રફુલ્લ રાવલ; ◈ ‘ચીકુ’ - સોનલ પરીખ; ◈ ‘લોકવિદ્યા-પરિચય’ - હસુ યાજ્ઞિક; ◈ ‘ડાયનોસૉર’ - પ્રવીણસાગર સત્યપંથી; ◈ ‘સ્વસ્થ જીવનશૈલીનો આધાર : શાકાહાર’ - રાજશ્રી મહાદેવિયા; ◈ ‘નાટક દેશવિદેશમાં’ - ધીરુભાઈ ઠાકર; ◈ ‘વાસ્તવવાદી નાટક’ (વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં) - ભરત દવે; ◈ ‘સિદ્ધાંતસારનું અવલોકન’ - સંપા. ધીરુભાઈ ઠાકર; ◈ ‘ગ્રંથના પંથના અનોખા યાત્રી’ - દીપક મહેતા; ◈ ‘નાટ્યતાલીમના નેપથ્યે’ - ધીરુભાઈ ઠાકર; ◈ ‘તળની બોલી’ - દલપત ચૌહાણ; ◈ ‘જ્ઞાનયજ્ઞના આચાર્ય’ - મણિલાલ હ. પટેલ

◈ આ ઉપરાંત બીજાં કેટલાક મૂલ્યવાન પુસ્તકો વાંચવા માટે gujarativishwakosh.org/ ebooksની લિંક ઉપર જઈને વાંચી શકશો.

◈ ઈ-બુક્સ વાંચવા માટે મોબાઇલમાં Adobe Digital Editions અને Ebook Reader એપ ડાઉનલૉડ કરો.

◈ આ બંને એપમાં સરળતાથી ફોન્ટ મોટા કરીને વાંચી શકાય છે, જે શબ્દ વિશે જાણવું હોય તો તે પસંદ કરીને ગૂગલમાં સર્ચ કરી શકશો. પસંદ કરેલા ફકરાનું ટ્રાન્સલેશન કરી શકાય છે.

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

## માતૃભાષા ગુજરાતી : ઑનલાઇન પ્રસ્તુતિ

### ગુજરાતી વિશ્વકોશ

◈ હવે ઑનલાઇન ઉપલબ્ધ થયો છે ૨૬ ખંડોમાં ૨૬,૦૦૦ પૃષ્ઠમાં ૧૭૦ વિષયોનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતો 'ગુજરાતી વિશ્વકોશ' ◈ છેલ્લા ૨૮ દિવસમાં ૧ લાખ ૮૦ હજાર જેટલા લોકોએ એનો ઉપયોગ કર્યો છે. ◈ ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, સિંગાપોર, જર્મની, ઑસ્ટ્રેલિયા અને જાપાન વગેરે દેશના લોકોએ વિશ્વકોશમાંથી વિગતો મેળવી છે. ◈ ઑનલાઇન 'ગુજરાતી વિશ્વકોશ' જોવા માટે https://gujarativishwakosh.org

### ગુજરાતી લૅક્સિકન

◈ રોજ અંદાજિત છ હજારથી વધુ લોકો આ વેબસાઇટની મુલાકાત લે છે. ◈ અત્યાર સુધીમાં પાંચ કરોડ અગિયાર લાખથી વધુ લોકોએ આની મુલાકાત લીધી છે. ◈ ભારત, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, આરબ દેશો, જર્મની, નેધરલૅન્ડ, સિંગાપોર, ન્યૂઝીલૅન્ડ જેવા વિવિધ દેશોએ આ સાઇટની મુલાકાત લીધી છે. ◈ 'ગુજરાતી લૅક્સિકન' જોવા માટે www.gujaratilexicon.com

### 'વિશ્વવિહાર' સામયિક

◈ દર મહિને પ્રકાશિત થતું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર'ના પ્રત્યેક મૂલ્યવાન લેખો ક્રમશઃ યૂટ્યૂબ પર સાંભળી શકાશે.

### જ્ઞાન-વિજ્ઞાનવિષયક પ્રવચનો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોજાતાં દરેક પ્રવચનો યૂટ્યૂબ પર પ્રાપ્ત થશે. કેટલાંક પ્રવચનો ફેસબુક પર લાઇવ કરવામાં આવે છે.

### બાળવાર્તાની પ્રસ્તુતિ

◈ દર રવિવારે સવારે ૧૦-૩૦ વાગ્યે બાળકોને ગમી જાય તેવી વાર્તા અને બાળગીતની પ્રસ્તુતિ

આ બધા કાર્યક્રમો તમે અમારા યૂટ્યૂબ : (Gujarat Vishvakosh Trust)

ફેસબુક એકાઉન્ટ : (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)

વૉટ્સએપમાં જોડાવા માટે (મો. ૯૮૯૮૦૪૨૬૯૯)

આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.